| | | | |
|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | ૨૦ | ૦૨ | ૨૦૦૧ |
| નોંધ્યા તારીખ | ૨૦ | ૦૨ | ૨૦૦૧ |
| ફેસલ તારીખ | ૦૧ | ૦૪ | ૨૦૨૨ |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૨૧ | ૦૧ | ૧૧ |

सत्यमेव जयते

**મે. વલસાડ ખાતેના મજુર અદાલત નં.૩ ના પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી જી.ટી.સોલંકી સાહેબ સમક્ષ, મુ. વલસાડ.**

**રેફરન્સ (એલ.સી.વી.) નં.૯૪/૨૦૦૧.**

**આંકઃ ૨૫.**

**પ્રથમ પક્ષકારઃ–** *M/s R & D Multiples[Metal Cast] Pvt. Ltd.,*
પ્લોટ નંબર એ–૧૭, જી.આઈ.ડી.સી.,
કિલ્લા–પારડી. જી.વલસાડ.

**–: વિરૂધ્ધ :–**

**બીજા પક્ષકારઃ–** શ્રી જયેશભાઈ ભીખુભાઈ પટેલ,
રહે. ચીવલ રોડ, જકાત નાકા,
કિલ્લા પારડી, તા. પારડી,
જી.વલસાડ.

---

**પ્રતિનિધિઓઃ–**
પ્રથમ પક્ષકાર તરફે :– વિદ્વવાન વકીલશ્રી એ.એન.ઈટવાલા.
બીજા પક્ષકાર તરફે :– વિદ્વવાન યુનિયન પ્રતિનિધિશ્રી આર.સી.પટેલ

---

**–: એવોર્ડ :–**

(૧) આ કામમાં પક્ષકારો વચ્ચેના ઔદ્યોગિક વિવાદ આઈ.ડી.એકટની કલમ–૧૦(૧)સી હેઠળ મદદનીશ શ્રમ આયુકતશ્રી, વલસાડ તરફથી હુકમ ક્રમાંકઃ કે. એચ. એસ. એચ. એમ. સી. /1358/એ.જે.આઈ.ડી.આર./૯૫૧/૨૦૦૦ તા.૨૦/૨/૨૦૦૧ના રોજ મજુર અદાલત, વલસાડ ને ન્યાય નિર્ણય અર્થે બીજા પક્ષકારને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં સાતત્ય સાથે પુનઃ સ્થાપિત કરવા કે કેમ ? તે માટે રીફર કરવામાં આવેલ છે.

(૨) આ રેફરન્સની અનુસુચિ પ્રમાણે બીજા પક્ષકાર શ્રી જયેશભાઈ ભીખુભાઈ પટેલને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોનાં પગાર સહિત નોકરીમાં સાતત્ય સાથે પુનઃસ્થાપિત કરવા કે કેમ ? તેનો ન્યાય નિર્ણય કરવાનો છે.

(૩) આ કામનાં પક્ષકારોને આંક–૦૨ થી નોટીસ કરતા બીજા પક્ષકાર કામદારે આંક–૦૩ થી તેમનાં યુનિયન પ્રતિનિધીશ્રી આર.સી. પટેલનું અધિકાર પત્ર રજુ કરેલ છે તથા આંક–૦૪ થી લેખિત માંગણાં નિવેદન રજુ કરેલ છે અને સામાવાળા કંપની તરફે વિદ્ધવાન વકીલશ્રી જે.સી. ઘીવાલાનું વકીલ પત્ર રજુ થયેલ છે બાદમાં આંક–૧૦ થી વિદ્ધવાન વકીલશ્રી એ.એન. ઈટવાલાનું વકીલપત્ર રજુ થયેલ છે.

(૪) બીજા પક્ષકાર તેમનાં આંક–૦૪નાં માંગણા નિવેદનમાં જણાવે છે કે, બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકારની સંસ્થામાં છેલ્લા દોઢ વર્ષથી હેલ્પર ના હોદ્દા ઉપર મહેનત, ઈમાનદારી તેમજ વફાદારીપુર્વક કાયમી કામદાર તરીકે રૂા.૭૨/–ના રોજના પગારથી નોકરીની ફરજ બજાવતા હતા, ભુતકાળ અને સર્વિસ રેકર્ડ એકદમ ચોખ્ખો અને નિષ્કંલક રહયો છે. પ્રથમ પક્ષકાર સંસ્થામાં કુલ ૪૦ કામદારો જે તે હોદા અને ખાતાઓમાં નોકરીની ફરજો બજાવતા હતા પ્રથમ પક્ષકાર સંસ્થા વર્ષો થી એકધારૂ શોષણ કરીને કાયદેસરનાં મળવાપાત્ર હકક લાભોથી સતત વંચિત રાખતા હતા, ઓળખપત્ર, હાજરી કાર્ડ, પગાર સ્લીપ જેવા દસ્તાવેજો પણ આપતા નહી અને પગાર પણ મીનીમમ વેજીસ કરતા ખુબ જ ઓછો આપી વર્ષો થી કામદારોનું એકધારી રીતે શોષણ કરતા આવેલા અને તમામ હકક લાભો મેળવવા સંસ્થાનાં તમામ કામદારો સંગઠિત થઈ ગુજરાત રાજય સેનામાં જોડાઈ તે મારફતે કાયદેસરની વિધિ હાથ ધરી ન્યાયી હકકો મેળવવા પ્રયત્ન કરેલા હતા. બીજા પક્ષકાર કામદારોએ યુનિયન "ગુજરાત રાજય કામદાર સેના" માં જોડાયેલા તે પ્રથમ પક્ષકાર સંસ્થાને ગમતું ન હોતુ તેથી તેઓએ બીજા પક્ષકાર કામદાર તથા અન્ય કામદારોને હેરાન પરેશાન કરવાનું શરૂ કરેલુ, કામદારોને ધાકધમકીઓ આપવી યુનીયનમાંથી રાજીનામું આપી છુટ્ટા થવા દબાણ શરૂ કરેલ. પ્રથમ પક્ષકાર સંસ્થાએ કામદારોને મનસ્વીરીતે ઉપજાવી કાઢેલા કારણોસર છટણી કરવાની નોટીસો મુકેલી તેથી અન્ય કામદારોમાં દહેશત ફેલાવવાનો પ્રયત્ન કરવામાં આવેલો ત્યારબાદ પણ કામદારો નિયમીત કામ કરતા હોવા છતાં ગો–સ્લો અંગેનાં બનાવ કામદારો માથે ઠોકી બેસાડવાનો પ્રયત્ન કરી તેવું વાતાવરણ પેદા કરેલુ. હકીકતમાં પ્રથમ પક્ષકાર સંસ્થાનો ઈરાદો બીજા પક્ષકાર કામદારનું યુનિયન તોડી પાડી કામદારોની કાયદેસરની માંગણીઓ આપવી ન પાડે તે માટે બધાને પ્રથમ ગો–સ્લો નું બહાનું ઉપજાવી કાઢી પાછળ થી કામદારોએ હડતાલ પાડી છે તેવો

આભાસ અને પુરાવાઓ ઉભા કરવા માટે કામદારોને ખોટી નોટીસો આપવામાં આવેલી છે કામદારોએ કયારેય ધીમું કામ કરેલ ન હોતુ કે હડતાલ પાડેલ ન હતી હકીકતમાં પ્રથમ પક્ષકારે તમામ કામદારોને કોઈપણ જાતની કાયદેસરની કાર્યવાહી હાથ ધર્યા વગર નોકરીની ફરજો ઉપર ચડતા કેટલાક કામદારોને તા.૦૮/૦૬/૨૦૦૦નાં રોજ અને કેટલાક કામદારોને તા.21/07/2000નાં રોજ થી તેમજ છેલ્લે તમામને તા.૩૧/૦૭/૨૦૦૦નાં રોજથી કામ ન આપી લોક આઉટ કરેલ છે અને પોતાની મરજી અને ઈચ્છા મુજબનાં બાહેંધરી પત્રકો ઉપર સહીઓ માંગી હકીકતમાં અનફેર લેબર પ્રેકટીસ હાથ ધરી કામદારોનું યુનિયન તોડી પાડવાનાં પ્રયત્ન હાથ ધરી અને પગાર ચુકવવાની જવાબદારીમાંથી છટકવા માટે પાછળ થી ઉપજાવી કાઢેલા કારણોસર ફરજ પર બોલાવવાનાં પુરાવાઓ ઉભા કરવા પ્રયત્નો કરેલ છે. હકીકતમાં બીજા પક્ષકાર તથા સંસ્થામાં કામ કરતા અન્ય કામદારોએ કયારેય ગો–સ્લો અપનાવેલ નથી, હડતાલ ઉપર ઉતરેલ નથી અને આજે પણ ફરજો બજાવવા રાજી છે પંરતુ પ્રથમ પક્ષકાર ફરજો ઉપર રાખવા રાજી નથી અને પોતાની મનસ્વી ગેરકાયદેસરનાં એકતરફી સંસ્થામાંથી કામદારોને કાઢી મુકયા અંગેનાં નિર્ણયને યોગ્ય ઠરાવવા માટેનાં પુરાવા ઉભા કરેલ છે. બીજા પક્ષકાર તેઓની ફરજો બજાવવા રાજી હોવા છતાં તેઓ કોઈ પણ કામદારને ફરજો ઉપર રાખવા રાજી થયેલ ન હતા અને પોતાના વલણમાં મકકમ રહેલા હતા જેનો ભોગ તમામ કામદારોને બનવુ પડેલ છે. બીજા પક્ષકાર કામદારને નોકરીમાંથી છુટા કર્યા બાદ વારંવાર ફરજના સમયે કામની માંગણી કરવા છતાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને કામ આપેલ નથી કે કંપનીમાં પ્રવેશ આપેલ નથી. બીજા પક્ષકારને નોકરીમાંથી છુટ્ટા કર્યા તે પહેલાનાં બાર મહિનામાં સળંગ ૨૪૦ દિવસની નોકરી કરેલ છે, બીજા પક્ષકાર કામદાર કાયમી કામદાર હતા આમ છતાં નોકરીમાંથી છુટ્ટા કરતા પહેલા બચાવની કોઈ વ્યાજબી તક, સ્ટેન્ડીંગ ઓર્ડસ અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત અનુસાર આપવામાં આવેલ નથી, બીજા પક્ષકારને ચાર્જશીટ કે વિરૂધ્ધમાં કોઈ બનાવ સંબધમાં ખાતાકીય તપાસ કરવામાં આવેલ નથી, નોકરીમાંથી છુટ્ટા કરતી વખતે એક મહિનાની નોટીસ અથવા નોટીસ પગાર અને છટણી વળતર આઈ.ડી. એકટની કલમ–૨૫(એફ)ની જોગવાઈ  પ્રમાણે આપવામાં આવ્યા નથી. બીજા પક્ષકારને મૌખિક હુકમથી છુટ્ટા કરવામાં આવેલ છે જે ટર્મીનેશનનો હુકમ ગેરકાયદેસર અને નલ એન્ડ વોઈડ છે. બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ નોકરીમાંથી છુટ્ટા કર્યા બાદ બીજા અનેક સ્થળોએ કામ મેળવવા પ્રયત્ન કરેલ હોવા છતાં કામ મળેલ નથી, કામનાં અભાવે બીજા પક્ષકાર કામદાર તથા તેઓનાં કુટુંબીજનોને ભારે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહેલ છે. જેથી બીજા પક્ષકારને તા.૨૮/૦૬/૨૦૦૦નાં રોજ ફરજ ઉપર ચડતા રોકી, અઘટિત મજુર પ્રવૃતિ હાથ ધરી કામદારોને વીકટીમાઈઝ કરેલા છે અને નોકરીમાંથી

ગેરકાયદેસર છુટ્ટા કરેલા જાહેર કરી પડેલા દિવસોનાં પગાર સાથે અસલ જગ્યાએ સળંગ સર્વિસ સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવા દાદ માંગેલ છે.

(૫) આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક–૦૬ થી પ્રાથમિક મુદાની અરજી રજુ કરેલ છે અને બીજા પક્ષકાર તરફે આંક–૦૭ થી જવાબ રજુ કરેલ છે પંરતુ આંક–૦૬ની અરજી પ્રથમ પક્ષકાર તરફે નોટપ્રસ કરતા ફાઈલે કરવામાં આવેલ છે.

(૬) આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થાને નોટીસ ઈસ્યુ કરવામાં આવતા પ્રથમ પક્ષકાર સંસ્થાએ હાજર થઈ આંક–૦૮ થી બચાવ રજુ કરેલ છે જેમાં બીજા પક્ષકારની મહત્તમ હકીકતોનો ઈન્કાર કરેલ છે. બીજા પક્ષકારનો રેફરન્સ શુધ્ધબુધ્ધિપુર્વકનો તથા કાયદેસરનો નથી, રેફરન્સ ઉપસ્થિત કરવા કોઈ કાયદેસરનું કારણ ઉત્પન્ન થયેલ નથી, કોઝ ઓફ એકશન વગરનો રેફરન્સ હોવાથી પ્રથમદર્શને રદ થવાને પાત્ર છે, બીજા પક્ષકાર કામદાર હોવાની તથા પ્રથમ પક્ષકાર ઉદ્યોગ હોવા બાબતે તકરાર નથી, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં છેલ્લા દોઢ વર્ષથી હેલ્પર તરીકે કાયમી કામદાર તરીકે નોકરી કરતા હોવાની વાત જુઠી અને ઉપજાવી કાઢેલી છે ખરી હકીકતે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારની સંસ્થામાં તા.10/11/1998નાં રોજ થી હેલ્પર તરીકે છેલ્લે દૈનિક રૂ.૭૪.૨૦/–નાં પગારથી કામ કરતા હતા, બીજા પક્ષકાર કહેવાતી રીતે વર્ષો થી એકધારૂ શોષણ કરી કાયદેસરનાં મળવાપાત્ર હકક લાભોથી વંચીત રાખાવની વાત, દસ્તાવેજો ન આપવા અંગે તથા યુનિયનમાં જોડાઈ કાયદેસરની વિધી હાથ ધરેલ હોવાની વાતો ખરી નથી, ખરી હકીકતમાં પ્રથમ પક્ષકારમાં માત્ર ૨૯ કામદારો જ હતા, જેમાં બીજા પક્ષકારનો સમાવેશ થતો હતો અને તેવા સંજોગોમાં કોઈ શોષણ કરવાની કે હકકોથી વંચીત રાખવાની વાતો ખોટી અને અર્થહીન છે. બીજા પક્ષકારની કહેવાતી રીતે યુનીયનમાં જોડાયા તથા યુનીયનમાંથી રાજીનામુ આપવા દબાણ શરૂ કરવાની વગેરે વાતો પણ ખોટી અને અર્થહીન છે. ખરી હકીકતમાં પ્રથમ પક્ષકારનાં LPG (Adopter) વિભાગમાં કામ ન હોવા છતાં પણ પ્રથમ પક્ષકાર બીજા પક્ષકાર સહીત કુલ ૧૭ કામદારોની નોકરી જાળવી રાખી હતી અને તેવા સંજોગોમાં પ્રથમ પક્ષકારની બીજા પક્ષકાર સહીતનાં તમામ ૧૭ કામદારો પ્રત્યે શુભનિષ્ઠા હતી જ પંરતુ તેમ છતાં નજીકનાં ભવિષ્યમાં પરિસ્થિતી સુધરે તેમ ન જણાતા LPG (Adopter) સિવાયનાં અન્ય વિભાગ (Valve Division)નાં કામદારોની નોકરી ટકી રહે તે આશયે બીજા પક્ષકાર સહીત કુલ ૧૭ કામદારોની ઔદ્યોગિક વિવાદ અધિનીયમ, ૧૯૪૭ હેઠળ છટણી કરવાનો દુઃખદ નિર્ણય લેવો પડેલો, પ્રથમ પક્ષકાર સંસ્થાએ કામદારોને કહેવાતી રીતે મનસ્વી રીતે ઉપજાવી કાઢેલ કારણોસર છટણી કરવાની નોટીસ મુકી અન્ય કામદારોમાં કહેવાતી રીતે દહેશત

ફેલાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ હોવાની વાત તથા ત્યારબાદ કામદારો નિયમીત રીતે કામ કરતા હોવાની વાત અને કહેવાતા ગો–સ્લોનાં બનાવ કામદારોને માથે ઠોકી બેસાડવાનો પ્રથમ પક્ષકારે પ્રયત્ન કરેલાની વાત ખરી નથી. ખરી હકીકતે પ્રથમ પક્ષકારનાં LPG (Adopter) વિભાગમાં બીજા પક્ષકાર સહીત કુલ ૧૭ કામદારો કામ કરતા હતા, બજારામં સ્પર્ધા વધુ હોવાથી, પુરતા ઓર્ડર ન મળવાથી, છેલ્લા ઘણા સમયથી કામદારો પાસે કામ કરાવવા કોઈ કામ ન હતુ, સદરહું વિભાગમાં બીજા પક્ષકાર સહીત કુલ ૧૭ કામદારો હતા તમેને તા.૨૮/૦૬/૨૦૦૦નાં રોજની નોટીસ મુકી માત્ર બીજા દિવસે એટલે કે તા.૨૯/૦૬/૨૦૦૦ થી ઔદ્યોગિક વિવાદ અધિનીયમ, ૧૯૪૭ની કલમ–૨૫(એફ)ની તમામ પુર્વશરતોનું પાલન કરી છટણી દ્વારા નોકરીની સમાપ્તિ કરી છે તેવા સંજોગોમાં દહેશતની કે ગો–સ્લોનો સવાલ જ ઉભો થતો નથી. કામદારોનું યુનિયન તોડી પાડવાનો ઈરાદો હોવાની તથા કામદારોની કોઈ કહેવાતી માંગણી ન આપવા કોઈ 'ગો–સ્લો' કહેવાતું બહાનું ઉપજાવેલ હોવાની વાત ખરી નથી, ખરી હકીકતમાં આ કામનાં બીજા પક્ષકાર સહીત કુલ ૧૭ કામદારોની છટણી કર્યા પછી બાકી રહેલા ૧૨ કામદારોએ તા.૨૧/૦૭/૨૦૦૦નાં રોજથી મજકુર ૧૭ કામદારોની છટણી પાછી ખેંચવાની ખોટી તકરાર ઉભી કરી ગેરકાયદેસર હડતાલ પાડેલી હતી ત્યારબાદ હડતાલ ઉપર ઉતરેલા મજકુર ૧૨ કામદારોને પ્રથમ પક્ષકાર તથા સરકારી મજુર અધિકારીશ્રીની સમજાવટ છતાં પણ તેઓ કદી કામ પર હાજર થયેલા નથી તેમ કરીને હડતાલ ઉપર ઉતરેલા કામદારોએ રાજીખુશી થી પોતાની નોકરી છોડી દીધેલ છે, તેમાં બીજા પક્ષકારનો સમાવેશ થતો નથી કેમ કે બીજા પક્ષકારની કાયદેસર રીતે અગાઉથી છટણી કરવામાં આવેલી. કામદારોએ હડતાલ પર ઉતરેલ ન હોવાની વાત તથા ફરજ બજાવવા રાજી હોવાની વાત ખરી નથી, બીજા પક્ષકાર સહીત કુલ ૧૭ કામદારોની કાયદેસર રીતે છટણી કરેલ હોય તે સંદર્ભમાં તેવી વાતો ઉપસ્થિત થવાનો કોઈ પ્રશ્ન ઉભો થતો નથી. બીજા પક્ષકારને કહેવાતી રીતે નોકરીમાંથી છુટ્ટા કર્યા બાદ ફરજનાં સમયે કામની માંગણી કરવા છતાં કામ ન આપેલ હોવાની વાતો ખોટી છે, ખરી હકીકતમાં આર્થિક સંજોગોનાં કારણે બીજા પક્ષકાર સહીત કુલ ૧૭ કામદારોની કાયદેસર છટણી કરેલી. બીજા પક્ષકારે નોકરીમાંથી છુટ્ટા કર્યાનાં બાર માસમાં સળંગ ૨૪૦ દિવસની કામગીરી કરી હોવાનો સ્વીકાર કરવામાં આવે છે અને તેઓ કાયમી કામદાર હતા તેનો પણ સ્વીકાર કરવામાં આવે છે, બીજા પક્ષકારની ઔદ્યોગિક વિવાદ અધિનીયમ, ૧૯૪૭ હેઠળ કાયદેસર છટણી કરવામાં આવેલી હોય ત્યારે બચાવની કોઈ તક, સ્ટેન્ડીંગ ઓર્ડર્સ અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત મુજબ આપવામાં આવી નથી અથવા ચાર્જશીટ કે ખાતાકીય તપાસ કરવામાં આવેલી નથી અથવા છુટ્ટા કરતા પહેલા એક માસની નોટીસ કે નોટીસ પગાર ન ચુકવવાની વાતોનો ઈન્કાર કરેલ છે. બીજા પક્ષકારને કહેવાતી રીતે નોકરીમાંથી છુટ્ટા

કર્યા બાદ અનેક સ્થળોએ નોકરી કરવા પ્રયત્ન કરેલ હોવાની વાત ખોટી અને અર્થહીન છે, ખરી હકીકતે બીજા પક્ષકારને તા.૨૯/૦૬/૨૦૦૦નાં રોજથી ઔદ્યોગિક વિવાદ અધિનીયમ, ૧૯૪૭ની કલમ–૨૫(એફ)ની તમામ પુર્વશરતોનું પાલન કરીને છટણી દ્વારા નોકરીની સમાપ્તી કરવામાં આવી છે, બીજા પક્ષકાર અન્ય જગ્યાએ અનુભવનાં આધારે અરજી કરી પ્રયત્ન કરી શકયા હોત તેથી પડેલા દિવસોનાં પગાર ચુકવવાની પ્રથમ પક્ષકારની જવાબદારી રહેતી નથી. બીજા પક્ષકાર રેફરન્સમાં જણાવેલ દાદ મેળવવા હકકદાર થતા નથી તેમ જણાવી બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

(૭) આ કામનાં બીજા પક્ષકાર કામદાર તરફે નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

**<u>–: બીજા પક્ષકારનો મૌખિક પુરાવો :–</u>**

| | | |
|---|---|---|
| ૧. | બીજા પક્ષકાર જયેશભાઈ ભીખુભાઈ પટેલનું સરતપાસનું સોગંદનામુ. | આંક–૧૩ |

**<u>–: બીજા પક્ષકાર તરફે રેફરન્સ કેસ નં.૯૩/૨૦૦૧નાં કામે આંક–૧૧ થી રજુ દસ્તાવેજી પુરાવો :–</u>**

| ક્રમ | આંક | વિગત | તારીખ |
|---|---|---|---|
| ૧. | ૨૭ | બીજા પક્ષકાર કામદારો યુનિયનમાં દાખલ થયાના પત્રની નકલ. | ૦૧/૦૪/૨૦૦૦ |
| ૨. | ૨૮ | બીજા પક્ષકારના યુનિયનને પ્રથમ પક્ષકારને લખેલ પત્રની નકલ. | ૧૩/૦૪/૨૦૦૦ |
| ૩. | ૩૮ | નિ.૨ નો પત્ર પ્રથમ પક્ષકારને મળી જતાં પરત આવેલ એકનોલોજમેન્ટની નકલ. | ૧૭/૦૪/૨૦૦૦ |
| ૪. | ૨૯ | બી.પ. ના યુનિયને પ્ર.પ.ને મોકલેલ કમિટિ સભ્યોના લીસ્ટની નકલ. | ૨૮/૦૪/૨૦૦૦ |
| ૫. | ૩૯ | નિ.૪ નો પત્ર પ્રથમ પક્ષકારને મળી જતાં પરત આવેલ એકનોલોજમેન્ટની નકલ. | ૨૯/૦૪/૨૦૦૦ |
| ૬. | ૧૪/૬ | પ્રથમ પક્ષકારે નોટીસ બોર્ડ ઉપર મુકેલ નોટીસની નકલ. | ૦૬/૦૫/૨૦૦૦ |
| ૭. | ૧૪/૭ | પ્રથમ પક્ષકારે નોટીસ બોર્ડ ઉપર મુકેલ નોટીસની નકલ. | ૨૭/૦૫/૨૦૦૦ |
| ૮. | ૧૪/૮ | પ્રથમ પક્ષકારે નોટીસ બોર્ડ ઉપર મુકેલ નોટીસની નકલ. | ૦૫/૦૬/૨૦૦૦ |
| ૯. | ૩૦ | બીજા પક્ષકારના યુનિયને પ્રથમ પક્ષકારને લખેલ પત્રની નકલ. | ૧૦/૦૬/૨૦૦૦ |
| ૧૦. | ૪૦ | નિ.૫ નો પત્ર પ્રથમ પક્ષકારને મળી જતાં પરત આવેલ એકનોલોજમેન્ટની નકલ. | ૧૪/૦૬/૨૦૦૦ |
| ૧૧. | ૩૧ | બીજા પક્ષકાર કામદારોએ પ્રથમ પક્ષકારને લખેલ પત્રની નકલ. | ૩૦/૦૬/૨૦૦૦ |
| ૧૨. | ૪૧ | નિ.૧૧ નો પત્ર પ્રથમ પક્ષકારને મળી જતાં પરત આવેલ એકનોલોજમેન્ટની નકલ. | ૦૬/૦૭/૨૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૩. | ૧૪/૧૩ | પ્રથમ પક્ષકારે નોટીસ બોર્ડ ઉપર મુકેલ નોટીસની નકલ. | ૦૩/૦૭/૨૦૦૦ |
| ૧૪. | ૧૪/૧૪ | મદદનીશ શ્રમ આયુકતશ્રીએ સરકારી શ્રમ અધિકારીને લખેલ પત્રની નકલ. | ૧૨/૦૭/૨૦૦૦ |
| ૧૫. | ૩૨ | બીજા પક્ષકાર કામદારોએ પ્રથમ પક્ષકારને લખેલ પત્રની નકલ. | ૦૭/૦૮/૨૦૦૦ |
| ૧૬. | ૪૨ | નિ.૧૫ નો પત્ર પ્રથમ પક્ષકારને મળી જતાં પરત આવેલ એકનોલજમેન્ટની નકલ. | ——— |
| ૧૭. | ૩૩ | નિ.૧૫ નો પત્ર મદદનીશ મજુર કમિશ્નરને આપેલ તેની નકલ. | ૦૭/૦૮/૨૦૦૦ |
| ૧૮. | ૩૪ | બીજા પક્ષકાર કામદારોએ પ્રથમ પક્ષકારને લખેલ પત્રની નકલ. | ૦૫/૦૮/૨૦૦૦ |
| ૧૯. | ૪૩ | નિ.૧૮ નો પત્ર પ્રથમ પક્ષકારને મળી જતાં પરત આવેલ એકનોલોજમેન્ટની નકલ. | ૦૭/૦૮/૨૦૦૦ |
| ૨૦. | ૩૫ | નિ.૧૫ નો પત્ર સરકારી મજુર અધિકારીને આપેલ તેની નકલ. | ૦૯/૦૮/૨૦૦૦ |
| ૨૧. | ૩૬ | સરકારી શ્રમ અધિકારીશ્રીએ પ્ર.પ. તેમજ બી.પ.ને લખેલ પત્રની નકલ. | ૧૭/૦૮/૨૦૦૦ |
| ૨૨. | ૩૭ | મદદનીશ શ્રમ આયુકતે પ્રથમ પક્ષકારને લખેલ પત્રની નકલ. | ૨૯/૦૮/૨૦૦૦ |

(૮) આ કામે પ્રથમ પક્ષકાર તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**—: પ્રથમ પક્ષકારનો મૌખિક પુરાવો :—**

| | | |
|---|---|---|
| ૧. | પ્રથમ પક્ષકારનાં સાહેદ જયમીન પ્રશાંત કોઠારીનું સરતપાસનું સોગંદનામુ. | આંક—૧૮ |

**—: પ્રથમ પક્ષકાર તરફે આંક—૧૪ થી દસ્તાવેજી પુરાવો :—**

| ક્રમ | દસ્તાવેજોની વિગત | તારીખ |
|---|---|---|
| ૧. | પ્રથમ પક્ષકાર કંપનીમાં કામ કરતા કામદાર કર્મચારીઓનું હાજરી પત્રક. | (જુલાઈ—૨૦૦૦ થી સપ્ટેમ્બર—૨૦૦૨) |
| ૨. | પ્રથમ પક્ષકાર કંપનીમાં કામ કરતા કામદારોનું નિયમ—૮૧ મુજબ સીનીયોરીટી લીસ્ટ | ૧૫/૦૧/૨૦૦૦ |
| ૩. | પ્રથમ પક્ષકાર કંપનીમાં કામ કરતા કામદારોનું નિયમ—૮૧ મુજબ સીનીયોરીટી લીસ્ટ | ૦૧/૦૬/૨૦૦૦ |
| ૪. | શ્રી હર્ષદ પંચાલ, સજીમોહા એસ, ઉમેશ ચૌહાણ, રામ પાટીલ તથા મંગુલાલ પટેલને પ્રથમ પક્ષકાર કંપની તરફથી કામ ઉપર હાજર થવા બાબતેની નોટીસ. | ૦૫/૦૬/૨૦૦૦ |
| ૫. | પ્રથમ પક્ષકાર કંપનીમાં કામ કરતા કામદારોએ કરેલ 'ગો—સ્લો' સંબધે | ૦૮/૦૬/૨૦૦૦ |

| | | |
|---|---|---|
| | નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ જાહેર નોટીસની સ્થળપ્રત. | |
| ૬. | પ્રથમ પક્ષકાર કંપનીમાં કામ કરતા કામદારોએ કરેલ 'ગો–સ્લો' સંબધે નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ જાહેર નોટીસની સ્થળપ્રત. | ૨૨/૦૬/૨૦૦૦ |
| ૬(અ) | ઉપરોકત જાહેર નોટીસની રજી. એ.ડી. પોષ્ટ કર્યા અંગેની મની રસીદ. | ૨૩/૦૬/૨૦૦૦ |
| ૭ | પ્રથમ પક્ષકાર કંપની તરફથી શ્રી પ્રકાશ બી.આઈ.ને છટણી કરવા બાબતનો હુકમ. | ૨૮/૦૬/૨૦૦૦ |
| ૮. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી શ્રી મહેન્દ્ર દુર્લભભાઈ ટંડેલને છટણી કરવા બાબતનો હુકમ. | ૨૮/૦૬/૨૦૦૦ |
| ૯. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી શ્રી અમ્રતભાઈ એન. પ્રજાપતિને છટણી કરવા બાબતનો હુકમ. | ૨૮/૦૬/૨૦૦૦ |
| ૧૦. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી શ્રી જયંતિ એસ. પટેલને છટણી કરવા બાબતનો હુકમ. | ૨૮/૦૬/૨૦૦૦ |
| ૧૧. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી શ્રી ઉમેશ નારાયણ ચૌહાણને છટણી કરવા બાબતનો હુકમ. | ૨૮/૦૬/૨૦૦૦ |
| ૧૨. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી શ્રી બાલુભાઈ જી. પટેલને છટણી કરવા બાબતનો હુકમ. | ૨૮/૦૬/૨૦૦૦ |
| ૧૩. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી શ્રી બાલુભાઈ એલ. પ્રજાપતિને છટણી કરવા બાબતનો હુકમ. | ૨૮/૦૬/૨૦૦૦ |
| ૧૪. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી શ્રી સજીમોહન એસ. વામદેવને છટણી કરવા બાબતનો હુકમ. | ૨૮/૦૬/૨૦૦૦ |
| ૧૫. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી શ્રી દિનેશ આર. પટેલને છટણી કરવા બાબતનો હુકમ. | ૨૮/૦૬/૨૦૦૦ |
| ૧૬. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી શ્રી રાકેશ આર. રાણાને છટણી કરવા બાબતનો હુકમ. | ૨૮/૦૬/૨૦૦૦ |
| ૧૭. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી શ્રી હર્ષદ ડી. પંચાલને છટણી કરવા બાબતનો હુકમ. | ૨૮/૦૬/૨૦૦૦ |
| ૧૮. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી શ્રી નરેશ એ. પટેલને છટણી કરવા બાબતનો હુકમ. | ૨૮/૦૬/૨૦૦૦ |
| ૧૯. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી શ્રી ઈબ્રાહીમ સલીમ રાવતને છટણી કરવા બાબતનો હુકમ. | ૨૮/૦૬/૨૦૦૦ |
| ૨૦. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી શ્રી બાબુ જે. પટેલને છટણી કરવા બાબતનો હુકમ. | ૨૮/૦૬/૨૦૦૦ |
| ૨૧. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી શ્રીરામ બી. પાટીલને છટણી કરવા બાબતનો હુકમ. | ૨૮/૦૬/૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૨૨. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી શ્રી અશોક એસ. પટેલને છટણી કરવા બાબતનો હુકમ. | ૨૮/૦૬/૨૦૦૦ |
| ૨૩. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી શ્રી રઘુ એસ. પટેલને છટણી કરવા બાબતનો હુકમ. | ૨૮/૦૬/૨૦૦૦ |
| ૨૪. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી શ્રી ગણેશ સી. પટેલને છટણી કરવા બાબતનો હુકમ. | ૨૮/૦૬/૨૦૦૦ |
| ૨૫. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી શ્રી શૈલેષ બી. પટેલને છટણી કરવા બાબતનો હુકમ. | ૨૮/૦૬/૨૦૦૦ |
| ૨૬. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી શ્રી જયેશ બી. પટેલને છટણી કરવા બાબતનો હુકમ. | ૨૮/૦૬/૨૦૦૦ |
| ૨૭. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી કામદારોની છટણી કરવા બાબતે મહે.સક્રેટરીશ્રી લેબર એન્ડ એમ્પ્લોયમેન્ટ ડીપાર્ટમેન્ટ, સચિવાલય, ગાંધીનગર, મહે.શ્રમ આયુકતશ્રી, અમદાવાદને મોકલાવેલ ફોર્મ–૨૪ રૂલ–૮૦ મુજબ મોકલાવેલ નોટીસ. | ૨૯/૦૬/૨૦૦૦ |
| ૨૭(એ). | ઉપરોકત અ.નં. ૨૭ વાળી નોટીસ મહે.સેક્રેટરીશ્રી લેબર એન્ડ એમ્પ્લોયમેન્ટ ડીપાર્ટમેન્ટ, સચિવાલય, ગાંધીનગર, મહે. શ્રમ આયુકતશ્રી, અમદાવાદને રજી. એ.ડી. પોષ્ટ કર્યા અંગેની પોષ્ટખાતાની મની રસીદ તથા તે મળ્યા બાબતની એકનોલોજમેન્ટ. | ૨૯/૦૬/૨૦૦૦ |
| ૨૮. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી હર્ષદ ડી. પંચાલને મોકલાવેલ છટણીવાળા બાબતે પોષ્ટમાસ્ટરશ્રી, કિલ્લા પારડીને રજી. એ.ડી. પોષ્ટથી મોકલાવેલ પત્ર તથા મની રસીદ. | ૦૫/૦૭/૨૦૦૦ |
| ૨૯. | પોષ્ટમાસ્ટરશ્રી, કિલ્લા પારડીએ પ્રથમ પક્ષકાર કંપનીને મોકલાવેલ પત્ર. | ૦૬/૦૭/૨૦૦૦ |
| ૩૦. | પ્રથમ પક્ષકાર કંપનીમાં કામ કરતા કામદારોને શીફટ સંબધે મુકેલ નોટીસ. | ૦૬/૦૭/૨૦૦૦ |
| ૩૧. | પ્રથમ પક્ષકાર કંપનીનાં નોટીસ બોર્ડ ઉપર'ગો–સ્લો' બાબતે નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ જાહેર નોટીસ. | ૦૩/૦૭/૨૦૦૦ |
| ૩૧(એ). | પ્રથમ પક્ષકાર કંપનીનાં નોટીસ બોર્ડ ઉપર'ગો–સ્લો' બાબતે નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ જાહેર નોટીસ. | ૦૩/૦૭/૨૦૦૦ |
| ૩૨. | ઉપરોકત અ.ન. ૩૧ તથા ૩૧(એ) વાળી નોટીસ સરકારી મજુર અધિકારીશ્રી વાપીને રજી. એ.ડી. પોષ્ટ કર્યા અંગેની પોષ્ટખાતાની મની રસીદ તથા તે મળ્યા બાબતની એકનોલોજમેન્ટ. | –– |
| ૩૨(અ). | પ્રથમ પક્ષકાર કંપનીનાં નોટીસ બોર્ડ ઉપર'ગો–સ્લો' બાબતે નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ જાહેર નોટીસ. | ૦૬/૦૭/૨૦૦૦ |
| ૩૩. | પ્રથમ પક્ષકાર કંપનીએ ફેકટરી ઈન્સ.શ્રી વલસાડને કામદારોનાં કામનાં | ૦૬/૦૭/૨૦૦૦ |

| | | |
|---|---|---|
| | કલાક બાબતે નમુના નં.૧૪માં આપેલ નોટીસ. | |
| ૩૩(અ). | ઉપરોકત અ.નં.૩૩ વાળા પત્ર સાથે બીડેલ ફોર્મ નં.૧૪. | ૦૬/૦૭/૨૦૦૦ |
| ૩૪. | પ્રથમ પક્ષકાર કંપનીનાં નોટીસ બોર્ડ ઉપર'ગો–સ્લો' બાબતે નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ જાહેર નોટીસ. | ૧૦/૦૭/૨૦૦૦ |
| ૩૫. | પ્રથમ પક્ષકાર કંપનીનાં નોટીસ બોર્ડ ઉપર'ગો–સ્લો' બાબતે નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ જાહેર નોટીસ. | ૧૫/૦૭/૨૦૦૦ |
| ૩૫(અ). | ઉપરોકત અ.નં. ૩૫ વાળી નોટીસ પ્રથમ પક્ષકાર કંપનીએ મદદનીશ મજુર કમિશ્નરશ્રી, વલસાડ, સરકારી મજુર અધિકારીશ્રી, વલસાડ તથા ફેકટરી ઈન્સ.શ્રી વલસાડને રજી. એ.ડી. પોષ્ટ કર્યા અંગેની પોષ્ટખાતાની મની રસીદો તથા તે મળ્યા બાબતની એકનોલોજમેન્ટ. | –– |
| ૩૬. | પ્રથમ પક્ષકાર કંપનીનાં નોટીસ બોર્ડ ઉપર'ગો–સ્લો' બાબતે નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ જાહેર નોટીસ. | ૧૯/૦૭/૨૦૦૦ |
| ૩૬(અ). | ઉપરોકત અ.નં. ૩૬ વાળી નોટીસ પ્રથમ પક્ષકાર કંપનીએ મદદનીશ મજુર કમિશ્નરશ્રી, વલસાડ, સરકારી મજુર અધિકારીશ્રી, વલસાડ તથા ફેકટરી ઈન્સ.શ્રી વલસાડને રજી. એ.ડી. પોષ્ટ કર્યા અંગેની પોષ્ટખાતાની મની રસીદો તથા તે મળ્યા બાબતની એકનોલોજમેન્ટ. | –– |
| ૩૭. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી શ્રીરામ બાલકૃષ્ણ પાટીલને કરેલ રજી. એ.ડી. પોષ્ટવાળા પત્રની એકનોલોજમેન્ટ સહી વગર પરત મળતા, પ્રથમ પક્ષકાર કંપની તરફથી પોષ્ટ માસ્તરશ્રી કિલ્લા પારડીને રજી. એ.ડી. પોષ્ટથી મોકલાવેલ પત્ર. | ૧૯/૦૭/૨૦૦૦ |
| ૩૮. | ઉપરોકત અ.નં. ૩૭ વાળા પત્ર સબંધે પોષ્ટમાસ્ટરશ્રી, કિલ્લા પારડીએ પ્રથમ પક્ષકાર કંપનીને લખેલ પત્ર. | ૨૦/૦૭/૨૦૦૦ |
| ૩૯. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી સરકારી મજુર અધિકારીશ્રી, વાપીને સંસ્થામાં મજુર પરિસ્થિતી બાબતે આપેલ પત્ર. | ૨૧/૦૭/૨૦૦૦ |
| ૪૦. | પ્રથમ પક્ષકાર કંપનીનાં નોટીસ બોર્ડ ઉપર કામદારોએ પાડેલ બેઠી હડતાલ બાબતે મુકેલ જાહેર નોટીસ. | ૨૧/૦૭/૨૦૦૦ |
| ૪૧. | પ્રથમ પક્ષકાર કંપનીનાં નોટીસ બોર્ડ ઉપર કામદારોએ પાડેલ બેઠી હડતાલ બાબતે મુકેલ જાહેર પત્ર. | ૨૨/૦૭/૨૦૦૦ |
| ૪૨. | પ્રથમ પક્ષકાર કંપનીનાં નોટીસ બોર્ડ ઉપર કામદારોએ પાડેલ બેઠી હડતાલ બાબતે મુકેલ જાહેર પત્ર. | ૨૩/૦૭/૨૦૦૦ |
| ૪૨(અ). | ઉપરોકત નોટીસ સરકારી મજુર અધિકારીશ્રી, વાપી, ફેકટરી ઈન્સ.શ્રી વલસાડ, મદદનીશ મજુર કમિશ્નરશ્રી વલસાડને રજી. એ.ડી. પોષ્ટ કર્યા અંગેની પોષ્ટખાતાની અસલ મની રસીદ. | ૨૪/૦૭/૨૦૦૦ |
| ૪૩. | પ્રથમ પક્ષકાર કંપનીનાં નોટીસ બોર્ડ ઉપર કામદારોએ પાડેલ બેઠી હડતાલ બાબતે મુકેલ જાહેર પત્ર. | ૨૪/૦૭/૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૪૪. | પ્રથમ પક્ષકાર કંપનીનાં નોટીસ બોર્ડ ઉપર કામદારોએ પાડેલ બેઠી હડતાલ બાબતે મુકેલ જાહેર પત્ર. | ૨૬/૦૭/૨૦૦૦ |
| ૪૫. | પ્રથમ પક્ષકાર કંપનીનાં નોટીસ બોર્ડ ઉપર કામદારોએ પાડેલ બેઠી હડતાલ બાબતે મુકેલ જાહેર પત્ર. | ૨૭/૦૭/૨૦૦૦ |
| ૪૫(અ). | ઉપરોકત નોટીસ સરકારી મજુર અધિકારીશ્રી, વાપી, ફેકટરી ઈન્સ.શ્રી વલસાડ, મદદનીશ મજુર કમિશ્નરશ્રી વલસાડને યુ.પી.સી. કર્યા અંગેનું પોષ્ટખાતાનું અસલ યુ.પી.સી. સર્ટીફીકેટ. | –– |
| ૪૬. | પ્રથમ પક્ષકાર કંપનીનાં નોટીસ બોર્ડ ઉપર કામદારોએ પાડેલ બેઠી હડતાલ બાબતે મુકેલ જાહેર પત્ર. | ૨૮/૦૭/૨૦૦૦ |
| ૪૭. | પ્રથમ પક્ષકાર કંપનીનાં નોટીસ બોર્ડ ઉપર કામદારોએ પાડેલ બેઠી હડતાલ બાબતે મુકેલ જાહેર પત્ર. | ૨૯/૦૭/૨૦૦૦ |
| ૪૭(અ). | ઉપરોકત નોટીસ સરકારી મજુર અધિકારીશ્રી, વાપી, ફેકટરી ઈન્સ.શ્રી વલસાડ, મદદનીશ મજુર કમિશ્નરશ્રી વલસાડને યુ.પી.સી. કર્યા અંગેનું પોષ્ટખાતાનું અસલ યુ.પી.સી. સર્ટીફીકેટ. | –– |
| ૪૮. | પ્રથમ પક્ષકાર કંપનીનાં નોટીસ બોર્ડ ઉપર કામદારોએ પાડેલ બેઠી હડતાલ બાબતે મુકેલ જાહેર પત્ર. | ૩૦/૦૭/૨૦૦૦ |
| ૪૮(અ). | ઉપરોકત નોટીસ સરકારી મજુર અધિકારીશ્રી, વાપી, ફેકટરી ઈન્સ.શ્રી વલસાડ, મદદનીશ મજુર કમિશ્નરશ્રી વલસાડને યુ.પી.સી. કર્યા અંગેનું પોષ્ટખાતાનું અસલ યુ.પી.સી. સર્ટીફીકેટ. | –– |
| ૪૯. | પ્રથમ પક્ષકાર કંપનીનાં નોટીસ બોર્ડ ઉપર કામદારોએ પાડેલ બેઠી હડતાલ બાબતે મુકેલ જાહેર પત્ર. | ૩૧/૦૭/૨૦૦૦ |
| ૪૯(એ). | ઉપરોકત નોટીસ સરકારી મજુર અધિકારીશ્રી, વાપી, ફેકટરી ઈન્સ.શ્રી વલસાડ, મદદનીશ મજુર કમિશ્નરશ્રી વલસાડને રજી. એ.ડી. પોષ્ટ કર્યા અંગેની પોષ્ટખાતાની અસલ રસીદ તથા તે મળ્યા અંગેની એકનોલોજમેન્ટ. | –– |
| ૫૦. | પ્રથમ પક્ષકાર કંપનીનાં નોટીસ બોર્ડ ઉપર કામદારોએ પાડેલ બેઠી હડતાલ બાબતે મુકેલ જાહેર સુચના. | ૩૧/૦૭/૨૦૦૦ |
| ૫૧. | પ્રથમ પક્ષકાર કંપનીએ ફેકટરી ઈન્સ.શ્રી, વલસાડને કામદારોનાં કામનાં કલાક બાબતે નમુના નં.૧૪માં આપેલ નોટીસ. | ૨૪/૦૭/૨૦૦૦ |
| ૫૧(એ). | ઉપરોકત અ.નં. ૫૧ વાળા પત્ર સાથે બીડેલ ફોર્મ નં.૧૪. | ૨૪/૦૭/૨૦૦૦ |
| ૫૨. | પ્રથમ પક્ષકાર કંપનીએ ડી.એસ.પી.સાહેબ, વલસાડને સંસ્થામાં પોલીસ પ્રોટેકશન સબંધે લખેલ પત્ર. | ૨૪/૦૭/૨૦૦૦ |
| ૫૩. | ઉપરોકત અ.નં. ૫૨ વાળા પત્ર સબંધે જિલ્લા પોલીસ અધિકારી વલસાડે પ્રથમ પક્ષકાર સંસ્થાને લખેલ પત્ર. | ૨૬/૦૭/૨૦૦૦ |
| ૫૪. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી સરકારી મજુર અધિકારીશ્રી, | ૦૫/૦૮/૨૦૦૦ |

| | | |
|---|---|---|
| | વાપીને સંસ્થામાં ચાલી રહેલ મજુર પરિસ્થિતી બાબતે મોકલાવેલ પત્ર. | |
| ૫૪(એ). | ઉપરોક્ત અ.નં. ૫૪ વાળા પત્ર સરકારી મજુર અધિકારીશ્રી, વાપી તથા મદદનીશ મજુર કમિશ્નરશ્રી વલસાડને રજી. એ.ડી. પોષ્ટ કર્યા અંગેની પોષ્ટખાતાની રસીદ તથા તે મળ્યા અંગેની એકનોલોજમેન્ટ. | ૦૭/૦૮/૨૦૦૦ |
| ૫૫. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી નિખીલ પી. બહેરાને નોકરીની ફરજ ઉપર હાજર થવા બાબતે લખેલ પત્ર. | ૦૭/૦૮/૨૦૦૦ |
| ૫૬. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી મધુસુદન કુરૂપને નોકરીની ફરજ ઉપર હાજર થવા બાબતે લખેલ પત્ર. | ૦૭/૦૮/૨૦૦૦ |
| ૫૭. | પ્રથમ પક્ષકાર તરફથી સુરેશ ફકીરભાઈ માહયાવંશીને નોકરીની ફરજ ઉપર હાજર થવા બાબતે લખેલ પત્ર. | ૦૭/૦૮/૨૦૦૦ |
| ૫૮. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી સતીષ પરાગમભાઈ પટેલને નોકરીની ફરજ ઉપર હાજર થવા બાબતે લખેલ પત્ર. | ૦૭/૦૮/૨૦૦૦ |
| ૫૯. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી ઝીકુભાઈ ગુલાબભાઈ પટેલને નોકરીની ફરજ ઉપર હાજર થવા બાબતે લખેલ પત્ર. | ૦૭/૦૮/૨૦૦૦ |
| ૬૦. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી ધનસુખ બાબુભાઈ પટેલને નોકરીની ફરજ ઉપર હાજર થવા બાબતે લખેલ પત્ર. | ૦૭/૦૮/૨૦૦૦ |
| ૬૧. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી અશોક સુનાત મહાજનને નોકરીની ફરજ ઉપર હાજર થવા બાબતે લખેલ પત્ર. | ૦૭/૦૮/૨૦૦૦ |
| ૬૨. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી વિશ્વાસ એમ. સમગીરને નોકરીની ફરજ ઉપર હાજર થવા બાબતે લખેલ પત્ર. | ૦૭/૦૮/૨૦૦૦ |
| ૬૩. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી ચીમન દાજી પટેલને નોકરીની ફરજ ઉપર હાજર થવા બાબતે લખેલ પત્ર. | ૦૭/૦૮/૨૦૦૦ |
| ૬૪. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી સતીષ પટેલને નોકરીની ફરજ ઉપર હાજર થવા બાબતે લખેલ પત્ર. | ૦૭/૦૮/૨૦૦૦ |
| ૬૫. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી સતીષ સનત મહાજનને નોકરીની ફરજ ઉપર હાજર થવા બાબતે લખેલ પત્ર. | ૦૭/૦૮/૨૦૦૦ |
| ૬૬. | ઉપરોક્ત અ.નં. ૫૫ થી ૬૫ વાળા પત્રો યુ.પી.સી. કર્યા અંગેનું પોષ્ટખાતાનું યુ.પી.સી. સર્ટીફીકેટ. | —— |
| ૬૭. | વલસાડ જિલ્લાનાં કસ્ટમર કેર, પોષ્ટ ઓફીસ તરફથી પ્રથમ પક્ષકાર કંપનીને મોકલાવેલ પત્ર. | ૦૯/૦૮/૨૦૦૦ |
| ૬૮. | સરકારી મજુર અધિકારીશ્રી વલસાડ તફરથી પ્રથમ પક્ષકાર કંપનીને સંસ્થામાં ચાલતી મજુર પરિસ્થિતી બાબતે મોકલાવેલ પત્ર. | ૧૭/૦૮/૨૦૦૦ |
| ૬૯. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી સરકારી મજુર અધિકારીશ્રી વાપીને મોકલાવેલ પત્ર. | ૧૮/૦૮/૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૬૯(એ). | ઉપરોકત અ.નં. ૬૯ વાળો પત્ર સરકારી મજુર અધિકારીશ્રી, વાપી તથા મદદનીશ મજુર કમિશ્નરશ્રી વલસાડને રજી. એ.ડી. પોષ્ટ કર્યા અંગેની પોષ્ટખાતાની રસીદ તથા તે મળ્યા અંગેની એકનોલોજમેન્ટ. | –– |
| ૭૦. | પ્રથમ પક્ષકાર કંપની તરફથી સરકારી મજુર અધિકારીશ્રી વાપીને મોકલાવેલ પત્ર. | ૨૪/૦૮/૨૦૦૦ |
| ૭૧. | સરકારી મજુર અધિકારીશ્રી વલસાડ તરફથી પ્રથમ પક્ષકાર કંપનીને સંસ્થામાં ચાલતી મજુર પરિસ્થિતી બાબતે મોકલાવેલ પત્ર. | ૨૯/૦૮/૨૦૦૦ |

**<u>–: પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૩ થી દસ્તાવેજી પુરાવો :–</u>**

| ક્રમ | દસ્તાવેજોની વિગત | તારીખ |
|---|---|---|
| ૧. | પ્રથમ પક્ષકાર કંપનીની મળેલી બોર્ડ ઓફ ડાયરેકટરની મીંટીગમાં શ્રી જયમીન પ્રશાંત કોઠારીને કોર્ટ પ્રોસીડીંગ્સમાં હાજર રહેવા, સહી કરવા, સોંગદનામું કરવા, જવાબ આપવા વિગેરે તમામ સતા આપેલ હોવા બાબતેનો ઠરાવ. | ૧૧/૦૭/૨૦૧૭ |

(૯) આ કામે બીજા પક્ષકાર તરફે વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય તેમ જાહેર કરી આંક–૧૫ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ હતી અને પ્રથમ પક્ષકાર કંપની તરફે આંક–૨૨ થી વધુ પુરાવો જાહેર કરવા માંગતા ન હોય કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલી હતી.

(૧૦) આ કામે બીજા પક્ષકાર તરફે મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે અને પ્રથમ પક્ષકાર કંપની તરફે મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે તથા આંક–૨૪ થી રજુ કરવામાં આવેલ લેખીત દલીલ વંચાણે લેવામાં આવેલ છે તથા બન્ને પક્ષકારો તરફે રજુ થયેલા વિવિધ ચુકાદાઓ માનસહ વંચાણે લેવામાં આવેલ છે.

(૧૧) આ કામે બીજા પક્ષકાર તરફે મૌખિક દલીલ કરતા જણાવેલ છે કે, આ કામે બીજા પક્ષકાર કામદાર કાયમી કામદાર હતા અને તેઓને તા.૨૮/૦૬/૨૦૦૦નાં રોજ છટણી કરીને ટર્મીનેશન કરવામાં આવેલ છે, બીજા પક્ષકાર કામદારની ગેરકાયદેસ છટણી કરવામાં આવેલી છે. આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થાનો બચાવ એવો છે કે પ્રથમ પક્ષકાર સંસ્થા પાસે પુરતા ઓર્ડર નથી, કામ નથી, સંસ્થામાં કામદારોને બેસાડીને પગાર આપવામાં આવે છે પંરતુ તે અંગેનો કોઈ પુરાવો રજુ કરવામાં આવતો નથી, સંસ્થાની આર્થિક પરિસ્થિતી અંગે કોઈ દસ્તાવેજો જાણી જોઈને રજુ કરવામાં આવેલ નથી, આ

કામે બીજા પક્ષકાર કામદારની છટણીની પ્રોસીજર ફોલો કરેલ છે કે નહીં તે તો જોવાનું છે પંરતુ કયા આશયથી છટણી કરવામાં આવેલ છે તે પણ જોવું જોઈએ. પ્રથમ પક્ષકાર સંસ્થાએ યુનિયનનાં કારણે પુર્વાગ્રહ રાખીને આ પગલું ભરેલ છે, આ કામદારોને છટણીની કાર્યવાહીનો દુરપયોગ કરી છુટકારો મેળવવા આ પગલું ભરવામાં આવેલ છે, આંક–૧૧ થી અમારા દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે અને અસલ દસ્તાવેજો રેફરન્સ કેસ નં.૬૩/૨૦૦૧માં રજુ કરવામાં આવેલ છે જે મુજબ બીજા પક્ષકાર કામદાર તા.૦૧/૦૪/૨૦૦૦ યુનીયનમાં દાખલ થયેલા, તા.૧૧/૦૪/૨૦૦૦નાં રોજ પ્રથમ પક્ષકાર કંપનીનાં મેનેજમેન્ટને જાણ કરવામાં આવેલી, તા.૧૦/૦૬/૨૦૦૦નાં રોજ લઘુતમ વેતન મુજબ ફરીયાદ કરવામાં આવેલ છે, તા.૩૦/૦૬/૨૦૦૦નાં રોજ ગેરકાયદેસર રીતે કામદારોની છટણી કરવા બાબતેનો છે, તા.૨૯/૦૬/૨૦૦૦નાં રોજ છટણી અંગે પેમેન્ટ કરેલ છે, ફોર્મ નં.૨૪માં કોઈ કામદારનું નામ નથી, મજુર અધિકારીને મોકલવામાં આવેલ નથી, સક્ષમ ઓથોરીટીને મોકલેલ નથી, પ્રોપર ઓથોરીટીને જાણ કરેલી નથી તેથી કલમ–૨૫(સી) મેન્ડેટરી છે તે ફોલો થયેલ નથી, છટણી ગેરકાયદેસર છે, કામદારોને બધા જ લાભો સાથે પુનઃસ્થાપિત કરવા જોઈએ તેમ જણાવી નીચે મુજબનાં ચુકાદાઓ રજુ કરેલ છે.

*1. 2003, Law Suit (Gujarat), 178, Chief Officer, Keshod Municipality Vs. Chandrakant Harilal Rakholiya (Gujarat High Court).*

*2. 2015, Law Suit (SC) 357, Gauri Shanker Vs. State of Rajasthan, (Supreme Court of India).*

3. Hussainbhai, Calicut Vs. Alath Factory Thozhilali Union, Kozhikode and Ors.

(૧૧.૧) આ કામે પ્રથમ પક્ષકાર કંપની તરફે કરવામાં આવેલી મૌખિક દલીલો તથા રજુ કરવામાં આવેલી આંક–૨૪ની લેખીત દલીલ વંચાણે લેવામાં આવેલ છે. આ કામનાં પ્રથમ પક્ષકાર તેમની દલીલમાં જણાવે છે કે, આ કામનાં બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર કંપનીમાં હેલ્પરનાં હોદા ઉપર રૂ.૭૨/–ના દૈનિક પગાર થી ૧.૭ વર્ષ થી ફરજ બજાવતા હોવાનું તથા તા.૨૮/૦૬/૨૦૦૦નાં રોજ યુનિયન તોડવાનાં એકમાત્ર બદઈરાદાથી કિન્નાખોરી રાખી ગેરકાયદેસર છુટા કરેલાનું જણાવે છે. પ્રથમ પક્ષકાર કંપનીએ મદદનીશ મજુર કમિશ્નરશ્રી સમક્ષ રજુ કરેલા જવાબમાં ફોર્મ નં.૨૪ તા.૨૯/૦૬/૨૦૦૦નાં રોજ બીજા પક્ષકારને કાયદેસર રીતે નોકરીમાંથી છટણી કરેલ હોવાનું જણાવેલ હતુ, બીજા પક્ષકારને છટણી વળતર આપવા પ્રયત્ન કરતા બીજા પક્ષકારે સ્વીકારવાની ના પાડેલી, બીજા પક્ષકારે આજદિન સુધી છટણીનાં હુકમને સક્ષમ કોર્ટ સમક્ષ પડકારેલ નથી, બીજા પક્ષકારે રજુ કરેલા માંગણા નિવેદનમાં

તા.૨૮/૦૬/૨૦૦૦નાં રોજ ગેરકાયદેસર રીતે છુટ્ટા કરેલાનું જણાવેલ છે, પ્રથમ પક્ષકાર તરફે આંક–૦૮ થી જવાબ રજુ કરેલ છે, આંક–૧૧ થી બીજા પક્ષકારે દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે, આંક–૧૪ થી પ્રથમ પક્ષકાર કંપની તરફે દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરવામાં આવેલ છે, જેમાં નિશાની ૨૫ થી બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર કંપનીએ તા.૨૮/૦૬/૨૦૦૦નાં રોજ છટણી કરવા બાબતેનો હુકમ મોકલાવેલ તેની સ્થળપ્રત, નિશાની ૨૭ થી પ્રથમ પક્ષકાર કંપની તરફથી કામદારોની છટણી કરવા બાબતે સેક્રેટરીશ્રી, લેબર એન્ડ એમ્પ્લોયમેન્ટ ડિપાર્ટમેન્ટ, સચિવાલય, ગાંધીનગર તથા શ્રમ આયુકતશ્રી, અમદાવાદને મોકલાવેલ ફોર્મ નં.૨૪, રૂલ–૮૦ મુજબ મોકલાવેલ નોટીસ તા.૨૯/૦૬/૨૦૦૦ની સ્થળપ્રત તથા મની રસીદ અને મળ્યા બાબતની એકનોલોજમેન્ટ, પ્રથમ પક્ષકાર કંપની દ્વારા આંક–૧૪ થી દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે જેમા નિશાની ૧૪/૨૬ થી બીજા પક્ષકારને કલમ–૨૫(એફ) હેઠળ છટણી કરવા બાબતે મોકલાવેલ નોટીસ, છટણી વળતરનાં રકમનાં ચેકની પ્રમાણીત નકલ તથા હિસાબનું પરિશિષ્ટ રજુ કરેલ છે, નિશાની ૧૪/૨૬ થી બીજા પક્ષકારે લેવાની ના પાડતા પોષ્ટમેનનાં 'રીફયુઝડ' ના શેરા સાથે પરત આવેલ અસલ કવર, નિશાની ૧૪/૨૭ થી નિયમ–૮૦ હેઠળની ફોર્મ નં.૨૪ની પ્રમાણીત નકલ રજુ કરેલ છે. બીજા પક્ષકારે આંક–૧૩ થી પુરાવા સોંગદનામું રજુ કરેલ છે અને તેની ઉલટ તપાસ પ્રથમ પક્ષકાર તરફે કરવામાં આવેલી છે જેમાં બીજા પક્ષકારે છટણી કર્યાનો સ્વીકાર કરેલ છે અને છટણીનાં હુકમને પડકારેલ નથી તેમ જણાવેલ છે. બીજા પક્ષકારની ઉલટ તપાસનાં આધારે કાયદેસર છટણી કરેલ હોવાનું પુરવાર થાય છે, બીજા પક્ષકારે નોકરીમાંથી છુટ્ટા કરેલ હોવાનો બોજો પ્રથમ પક્ષકાર ઉપર શીફટ કરેલ નથી, પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૮ થી સાહેદ જયમીન પ્રશાંત કોઠારીનું પુરાવા સોંગદનામું રજુ કરવામાં આવેલ છે, બીજા પક્ષકાર ઉલટ તપાસમાં છટણી ગેરકાયદેસર છે તેવું કઢાવી શકયા નથી, બીજા પક્ષકારને છટણી કરવા સબંધેની લેખીત નોટીસ રજી.એ.ડી. પોષ્ટથી મોકલવામાં આવલી તથા છટણી વળતરનાં નાંણા એકાઉન્ટ પેયી ચેકથી મોકલવામાં આવેલા તે સાથે એક મહીનાનો નોટીસ પગાર મોકલવામાં આવેલો, પ્રથમ પક્ષકાર કંપની તરફથી ઔદ્યોગિક તકરાર (ગુજરાત) નિયમો, ૧૯૬૬નાં નિયમ–૮૦(બી) મુજબ ફોર્મ નં.૨૪ મુજબ સેક્રેટરીશ્રી, લેબર & એમ્પ્લોયમેન્ટ ડિપાર્ટમેન્ટ, સચિવાલય, ગાંધીનગર તથા શ્રમ આયુકતશ્રી, અમદાવાદને રજી. એ.ડી. પોષ્ટથી નોટીસ મોકલાવેલી હતી જેની મની રસીદ તથા એકનોલોજમેન્ટ રજુ કરેલ છે. પ્રથમ પક્ષકાર કંપની તરફથી બીજા પક્ષકારની કાયદેસર રીતે છટણી કરેલ હોવાનું સાબીત થાય છે જેથી બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવા દલીલ કરેલ છે તથા પ્રથમ પક્ષકાર કંપની તરફે નીચે મુજબનાં ચુકાદાઓ રજુ કરેલ છે.

1. 2007 (2) Labour Law Page No. 298, In the High Court of Judicature, Andhra Pradesh, Management of Divisional Engineer, Telecommunications, Mahaboobnagar District Vs. Venkataiah and another.

2. 2003-04 S.C.L.J. Page No.762, (S.C.), Pramod Jha and Ors. Vs. State of Bihar and Ors.

3. 2009 LLR Page No. 900, Allahabad High Court, Assistant Project Engineer, Ganga Pollution Control Unit U.P. Jal Nigam, Mirzapur Vs. Presiding Officer, Labour Court, Varansal and Another.

4. 2009 LLR 841, Gujarat High Court, (D.B.), Chanabhai Muljibhai and Others Vs. Gujarat Housing Board.

5. 2007 (1) LLJ Page No.1006, In the Supreme Court of India, Guru Jambheshwar University, Hisar Vs. Dharam Pal.

6. 2002 (93) FLR 898, Madras High Court, A Selvam and Ors. Vs. Management, C. Abdul Rahman & Co. and another.

7. 2007 (2) LLN 442, Madhya Pradesh High Court, (D.B.), Chedilal Dahiya Vs. Manager, Christukula Mission Higher Secondary School, Satna & Anr.

8. 2004 LLR 471, Gujarat High Court, Kaushik J. Gandhi Vs. Sandesh Ltd. & Anr.

9. S.C.L.J. (1950-83) Vol. 3, 440 (S.C.), Delhi Cloth and General Mills Ltd. Vs. Shambhu Nath Mukherjee and Ors.

(૧૨) આ કામનાં બન્ને પક્ષકારો દ્વારા રજુ કરેલા પુરાવા, દસ્તાવેજો અને દલીલો ધ્યાને લેતા આ કેસનાં ન્યાય–નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–: મુદ્દાઓ :–</u>**

**<u>મુદ્દા નં. ૧ :</u>** શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થાએ સદર અધિનીયમની જોગવાઈઓને અનુસર્યા સીવાય બીજા પક્ષકાર કામદારની ગેરકાયદેસર છટણી કરેલ છે ?

**<u>મુદ્દા નં. ૨ :</u>** શું બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં પડેલા દિવસોનાં પુરા પગાર સહીત નોકરીની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત થવા હકકદાર થાય છે ?

**<u>મુદ્દા નં. ૩ :</u>** શું હુકમ ?

(૧૩) ઉપરોક્ત મુદ્દાઓનો જવાબ નીચે મુજબ છે.

**<u>મુદ્દા નં. ૧ :</u>** નકારમાં.

**<u>મુદ્દા નં. ૨ :</u>** નકારમાં.

**<u>મુદ્દા નં. ૩ :</u>** આખરી હુકમ મુજબ.

(૧૪) ઉપરોક્ત જવાબો અંગેનાં મારા કારણો નીચે મુજબ છે.

**<u>– : કારણો :–</u>**

**<u>મુદ્દા નં. ૧:–</u>**

(૧૫) આ કામે મુદ્દા નં. ૧ બીજા પક્ષકાર કામદારે સાબીત કરવાનું રહે છે. આ કામનાં બીજા પક્ષકારે પોતાનાં માંગણાનાં નિવેદનમાં અને તેઓનાં સરતપાસનાં સોંગદનામામાં તેઓ કામદારની વ્યાખ્યામાં સમાવિષ્ટ થાય છે, પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયમી કર્મચારી તરીકે છેલ્લા દોઢ વર્ષ થી હેલ્પર તરીકે ફરજ બજાવતા હતા તેમજ આ કામે પ્રથમ પક્ષકાર દ્વારા રજુ કરવામાં આવેલ આંક–૦૮નાં જવાબમાં બીજા પક્ષકાર તા.૧૦/૧૧/૯૮નાં રોજ થી હેલ્પર તરીકે છેલ્લે દૈનિક રૂ.૭૪.૨૦/–નાં પગારથી કામ કરતા હતા જે લક્ષમાં લેતા આ કામનાં બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં હેલ્પર તરીકે કામ કરતા હતા અને તે બાબતે પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા કોઈ તકરાર લેવામાં આવેલી નથી જેથી આ કામે બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયમી કામદાર હેલ્પર તરીકે ફરજ બજાવતા હતા અને પ્રથમ પક્ષકાર દ્વારા બીજા પક્ષકાર સળંગ નોકરીમાં ન હોવા બાબતે કોઈ તકરાર ઉપસ્થિત કરવામાં આવેલી નથી જેથી આ કામનાં બીજા પક્ષકાર ઔદ્યોગિક તકરાર અધિનીયમ, ૧૯૪૭ની કલમ–૨૫(બી) મુજબ સળંગ નોકરીમાં હતા અને આ અંગે બન્ને પક્ષકારોમાં કોઈ તકરાર નથી. હવે જયારે આ કામનાં બીજા પક્ષકાર સળંગ નોકરીમાં હતા ત્યારે તેઓને સદર અધિનીયમની જોગવાઈઓ અનુસર્યા સીવાય છુટ્ટા કરી શકાય નહી. જેથી શું બીજા પક્ષકારને ગેરકાયદેસર રીતે છુટ્ટા કરવામાં આવેલા હતા ? તેનો નિર્ણય કરવાનો રહે છે. જે બાબતે આ કામનાં બીજા પક્ષકાર તેમનાં આંક–૧૩નાં સરતપાસનાં સોંગદનામામાં જણાવે છે કે, *“ હું પ્રથમ પક્ષકાર કંપનીમાં દોઢ વર્ષથી કામ કરતો હતો, બીજા પક્ષકાર નફાનાં પ્રમાણમાં*

*ઓછો પગાર ચુકવતા હતા, પ્રથમ પક્ષકાર સંસ્થામાં આશરે ૪૦ કામદારો કામ કરતા હતા, પ્રથમ પક્ષકાર કાયદેસરનાં હકક લાભો થી વંચીત રાખતા હતા અને પગાર ચિઠ્ઠી, હાજરી કાર્ડ, આઈ.કાર્ડ વીગેરે આપતા ન હતા જેથી કામદારોએ "ગુજરાત રાજય કામદાર સેના" નામનાં યુનિયનમાં જોડાયેલા જેની જાણ પ્રથમ પક્ષકાર કંપનીને કરેલી જેથી કામદારોને હેરાન પરેશાન કરવાનું ચાલુ કરેલ અને યુનીયનમાંથી રાજીનામું આપવા જણાવેલ, નહીં આપતા સંસ્થામાં કામ હોવા છતાં કામ આપતા નહીં અને ખોટી ગો–સ્લો અને છટણી કરવાની નોટીસો મુકી યુનીયન તોડી પાડવા મરજી મુજબનાં બાહેંધરી પત્રક ઉપર સહીઓ કરવા આગ્રહ રાખેલો, સહીઓ કરવાની ના પાડતા તા.૨૮/૦૬/૨૦૦૦નાં રોજથી ગેરકાયદેસર રીતે સંસ્થામાં ચઢતા અટકાવી છુટ્ટા કરી દીધેલા, નોકરીમાંથી છુટ્ટા કરતા પહેલા બચાવની કોઈ તક કુદરતી ન્યાયનાં સિધ્ધાંતો મુજબ આપેલ નથી, ચાર્જશીટ કે ખાતાકીય તપાસ કરેલ નથી કોઈ વળતરની રકમ પણ આપેલ નથી. છુટ્ટા કર્યા બાદ પ્રથમ પક્ષકાર કંપનીમાં અમો જે કામ કરતા હતા તે કામ હાલ ચાલુ છે અને અમારી જગ્યાએ તાત્કાલીક નવા કામદારોની ભરતી કરી તેમનું કામ ચાલું કરી દીધેલ છે, પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ મેળવવા પ્રયત્ન કરેલો પણ કામ આપેલ નથી, પ્રથમ પક્ષકારે છુટ્ટા કર્યા બાદ બેકાર છીએ, બીજી જગ્યાએ કામ મેળવવા પ્રયત્ન કરેલો પણ કામ મળેલ નથી, આ કામે ૨૨ દસ્તાવેજો રજુ કરેલા છે. "* આમ, બીજા પક્ષકારને યુનિયનમાં જોડાયા તેથી નોકરી ઉપરથી ગેરકાયદેસર રીતે છટણી કરેલ છે તેવું તેમનું કથન છે.

(૧૫.૧) આ કામે બીજા પક્ષકાર કામદારની આંક–૧૩ તળે થયેલી ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો બીજા પક્ષકાર કામદારે એ વાતનો સ્વીકાર કરેલ છે કે,

> " એ વાત ખરી છે કે પ્રથમ પક્ષકાર કંપનીમાં એલ.પી.જી. એડપ્ટર વિભાગ અને વાલ્વ વિભાગ એમ બે વિભાગ ચાલતા હતા, કંપીનનાં એડપ્ટર વિભાગમાં ૧૭ વ્યકિતઓ કામ કરતા હતા અને વાલ્વ વિભાગમાં ૧૨ કામદારો કામ કરતા હતા, એ વાત ખરી છે કે પ્રથમ પક્ષકાર કંપનીમાં ઓર્ડર નહીં હોવાથી તથા આર્થિક સંકળામણનાં કારણે એલ.પી.જી. એડપ્ટર વિભાગનાં ૧૭ કામદારોની છટણી કરવામાં આવેલી, તા.૨૮/૦૬/૨૦૦૦ની નોટીસ આપી તા.૨૯/૦૬/૨૦૦૦નાં રોજ છટણી કરવામાં આવેલી, હું એલ.પી.જી.એડપ્ટર વિભાગમાં કામ કરતો હતો, મને નિશાની ૧૪/૨૬ બતાવવામાં આવે છે તે તા.૨૮/૦૬/૨૦૦૦નાં રોજ મારી છટણી કરતો લેખીત હુકમ મને આપવામાં અવોલો તેમાં જણાવેલ સરનામું મારૂ ઘરનું ખરૂ સરનામું છે, તે પત્ર સાથે મને નોટીસ, ચેક અને હીસાબનું સ્ટેટમેન્ટ આપવામાં આવેલ જે પત્ર મને

મોકલવામાં આવેલ કે કેમ તે ખબર નથી તેમ જણાવે છે, એ વાત ખરી છે કે મે તા.૨૯/૦૬/૨૦૦૦ બાદ મેં પ્રથમ પક્ષકાર કંપનીમાં કયારેય કામ કરેલ નથી, કંપનીમાં ગયેલો નથી. છટણીની નોટીસ તથા બેંક ઓફ બરોડાનો તા.૨૯/૦૬/૨૦૦૦નો રૂ.૭,૨૭૮/–નો મારા નામનો બેંક ઓફ બરોડાનો એકાઉન્ટ પેઈ ચેક મારા ઘરનાં સરનામે મોકલેલ કે કેમ તેની ખબર નથી. એ વાત ખરી છે કે મારી સાથે અન્ય કામદારોની પ્રથમ પક્ષકાર કંપનીએ છટણી કરેલી અને મારી સાથે છટણી કરેલા કામદારો કામદારોએ મારી જેમ પ્રથમ પક્ષકાર કંપનીમાં ત્યારબાદ નોકરી કરેલ નથી.”

(૧૫.૨) આ કામનાં પ્રથમ પક્ષકાર કંપની તેમનાં જવાબ આંક–૦૮ અને પ્રથમ પક્ષકારનાં આંક–૧૮નાં સાહેદ જયમીન પ્રશાંત કોઠારી તેમનાં પુરાવા સોંગદનામાંમાં જણાવે છે કે, “પ્રથમ પક્ષકારનાં LPG (Adopter) વિભાગમાં કામ ન હોવા છતાં પણ પ્રથમ પક્ષકાર બીજા પક્ષકાર સહીત કુલ ૧૭ કામદારોની નોકરી જાળવી રાખી હતી અને તેવા સંજોગોમાં પ્રથમ પક્ષકારની બીજા પક્ષકાર સહીતનાં તમામ ૧૭ કામદારો પ્રત્યે શુભનિષ્ઠા હતી જ પંરતુ તેમ છતાં નજીકનાં ભવિષ્યમાં પરિસ્થિતી સુધરે તેમ ન જણાતા LPG (Adopter) સિવાયનાં અન્ય વિભાગ (Valve Division) નાં કામદારોની નોકરી ટકી રહે તે આશયે બીજા પક્ષકાર સહીત કુલ ૧૭ કામદારોની ઔદ્યોગિક વિવાદ અધિનીયમ, ૧૯૪૭ હેઠળ છટણી કરવાનો દુઃખદ નિર્ણય લેવો પડેલો, પ્રથમ પક્ષકાર કંપનીમાં એલ.પી.જી. એડપ્ટર વિભગામાં કામ કરતા ૧૭ કામદારોની તા.૨૮/૦૬/૨૦૦૦નાં રોજ પ્રથમ પક્ષકાર કંપનીનાં નોટીસ બોર્ડ તથા ગેટ ઉપર નોટીસ મુકી તા.૨૯/૦૬/૨૦૦૦નાં રોજથી છટણી દ્વારા નોકરીની સમાપ્તી કરવામાં આવેલી જેમાં બીજા પક્ષકાર કામદારનો સમાવેશ થાય છે, પ્રથમ પક્ષકાર કંપની તરફથી આંક–૧૪નાં દસ્તાવેજી પુરાવા લીસ્ટ થી દસ્તાવેજો રજુ કરેલા છે જેમાં નિશાની ૧૪/૨૬ થી બીજા પક્ષકાર કામદારની છટણી કર્યા બાબતની નોટીસ છે જેમાં છટણી વળતર તથા અન્ય હકકોનાં નાંણાનો અસલ ચેક તથા હકકોનાં નાંણાનું પરિશિષ્ટ રજુ કરેલ છે.” આમ, પ્રથમ પક્ષકાર દ્વારા બીજા પક્ષકારની કાયદેસરની કાર્યવાહી અનુસરીને છટણી કરવામાં આવેલ છે તેમ જણાવે છે. સદર સાહેદની બીજા પક્ષકાર તરફે કરવામાં આવેલી ઉલટ તપાસ કરવામાં આવેલી છે જેમાં મુખ્યત્વે નીચે મુજબ છે.

“મને નિશાની ૧૪/૧ નું અમારી સંસ્થાનું રજીસ્ટર બતાવવામાં આવે છે તે રજીસ્ટરમાં સ્ટેમ્પ લગાવેલ છે તેથી હું કહુ છુ કે તે અમારી સંસ્થાનું છે, આ સીવાય બીજો કોઈ પુરાવો નથી જે આ રજીસ્ટરને અમારૂ રજીસ્ટર સાબીત કરે, એ વાત ખરી છે કે આ

કેસ અંગે મને જાત માહીતી નથી જે માહીતી છે તે રેકર્ડ આધારીત છે, એ વાત ખરી છે કે આંક–૧૬ થી રજુ દસ્તાવેજો મે જોયેલા છે, મને એ વાતની ખબર નથી કે છટણી કરતી વખતે લીગલ ડયુઝ કઈ ગણતરી પ્રમાણે ચુકવાયા છે, મને નિશાની ૧૬/૩ બતાવવામાં આવે છે તે લેબર એન્ડ એમ્પ્લોઈમેન્ટ ડીપાર્ટમેન્ટને આપેલી સુચના છે આ સુચના તેઓને મળી ગયેલ છે તેનો આધાર નિશાની ૧૪/૨૭–એ થી જે રેફરન્સ નં.૬૩/૨૦૦૧નાં કેસમાં અસલ રાખવામાં આવેલ છે, મને નિશાની ૧૬/૩ બતાવવામાં આવે છે તે ફોર્મ–૨૪ છે તેમાં કોઈપણ કામદારનું નામ અને સરનામું જણાવેલ નથી તે ખરૂ છે. એ વાત ખરી છે કે ફોર્મ–૨૪ એ કમિશ્નર ઓફ લેબર અને ડેપ્યુટી કમિશ્નર ઓફ લેબરને મોકલાવેલ નથી, બીજા પક્ષકારની તા.૨૮/૦૬/૨૦૦૦ થી નોકરીમાંથી છટણી કરેલી, છટણીનો હુકમ કામદારને તા.૨૮/૦૬/૨૦૦૦નાં રોજ આપેલો, આ છટણીનો હુકમ હાથોહાથ આપેલો નહીં પંરતુ રજી.એ.ડી.થી મોકલાવેલો, એ વાત ખરી છે કે છટણીનાં હુકમ સાથેનાં ચેકને તા.૩૦/૦૬/૨૦૦૦નાં રોજ છટણી હુકમ સાથે જ મોકલાવેલ તે પહેલા કયારેય મોકલાવેલ નહીં, અમારી સંસ્થામાં સીનીયોરીટી લીસ્ટ તા.૧૫ જાન્યુઆરી સને ૨૦૦૦નાં રોજ બનાવવામાં આવેલુ જે ૧૪/૨ થી રજુ છે અને સંસ્થાનાં નોટીસ બોર્ડ ઉપર રાખવામાં આવે છે, સીનીયોરીટી લીસ્ટ વિભાગવાર અને ખાતાવાર બનાવેલ છે, એ વાત ખરી છે કે તા.૧/૬/૨૦૦૦નાં રોજથી બીજું સીનીયોરીટી લીસ્ટ અમલમાં આવેલુ, મને નિશાની ૧૪/૩ નું સીનીયોરીટી લીસ્ટ બતાવવામાં આવે છે તેમાં એલ.પી.જી. એડપ્ટર વિભાગનું સીનીયોરીટી લીસ્ટ નથી, સંસ્થામાં એલ.પી.જી. એડપ્ટર ડીવીઝન ફરીથી ચાલું કરવામાં આવેલ નથી, હાલમાં અમારી સંસ્થામાં એક જ વાલ્વ ડીવીઝન ચાલુ છે, હાલમાં પ્રથમ પક્ષકાર સંસ્થા ચાલુ છે. ”

આ કામે પ્રથમ પક્ષકાર કંપની દ્વારા બીજા પક્ષકાર કામદારને અલગ થી પોષ્ટ દ્વારા મોકલવામાં આવેલ દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરવામાં આવેલ નથી પંરતુ આંક–૧૪ થી રજુ કરેલા દસ્તાવેજો પૈકી નિશાની ૧૪/૨૬ થી બીજા પક્ષકારનાં નામ જોગની નોટીસ છે, હીસાબનું પરિશિષ્ટ છે અને છટણીની રકમ રૂ.૭,૨૭૮/–નો બેંક ઓફ બરોડાનો બીજા પક્ષકારનાં નામનો ચેક છે, બીજા પક્ષકાર તેમની ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે તેમની છટણી કરતો હુકમ છે.

(૧૫.૩) આ કામનાં બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં સતત રીતે નોકરી કરેલ હોવાનું અને ઉપરોકત રીતે પ્રથમ પક્ષકારનાં કહેવા મુજબ તેઓની પાસે કામ ન રહેતા એલ.પી.જી. એડપ્ટર વિભાગમાં કામ કરતા ૧૭ કામદારોની તા.૨૮/૦૬/૨૦૦૦નાં રોજ છટણી કરવામાં આવેલ

છે પંરતુ બીજા પક્ષકારની છટણી કાયદેસરની કાર્યવાહી અનુસરીને કરવામાં આવેલી છે કે નહીં તે ખુબ અગત્યનું છે, ઔદ્યોગિક તકરાર અધિનીયમ, ૧૯૪૭ની કલમ–૨(ઓઓ)માં છટણીની વ્યાખ્યા આપવામાં આવેલી છે. જે નીચે મુજબ છે.

**<u>કલમ–૨(ઓઓ) :– છટણીની વ્યાખ્યા:–</u>**

એટલે, શિસ્તનાં પગલાં તરીકે કરેલી શિક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલિકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિ પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી.

એ. કામદારની સ્વેચ્છાપુર્વકની નિવૃતિ અથવા

બી. માલિક અને સબંધિત કામદાર વચ્ચેના રોજગાર કરારમાં તે માટે શરત હોય તો નિવૃતિવયે પહોંચતાં કામદારની નિવૃતિ અથવા

બીબી. માલિક અને સબંધિત કામદાર વચ્ચેનાં રોજગાર કરાર પુરો થયે તાજો ન કરવાના અથવા તેમાં જણાવેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિના કારણે કામદારની નોકરી સમાપ્તિ અથવા

સી. માંદગીના કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તિ.

(૧૫.૪) આ કામે પ્રથમ પક્ષકાર તરફે તેમનાં જવાબમાં જણાવવામાં આવેલ છે કે પ્રથમ પક્ષકાર કંપનીનાં ફેબ્રીકેશન ખાતામાં કામ ન હોવાથી, વૈશ્વિક હરીફાઈ અને કારમી મંદીનાં કારણે ઓર્ડર કેન્સલ થતા ના છુટકે ફેબ્રીકેશન ખાતામાં કામ કરતા ૧૬ કામદારોની છટણી કરવી પડેલી. આ બાબતે પ્રથમ પક્ષકાર સંસ્થાએ કાયદેસરની કાર્યવાહી અનુસરની છટણી કરેલી છે કે કેમ ? આ કામે કલમ–૨૫(એફ), ૨૫(જી) તથા નિયમ–૮૧નું પ્રથમ પક્ષકાર કંપનીએ પુર્વશરતોનું પાલન કરેલ છે કે કેમ તેની ચર્ચા આવશ્યક બને છે તો, છટણીની પુર્વશરતો અંગેની જોગવાઈ ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ની કલમ–૨૫ (એફ)માં છે તથા તેને આનુષાંગિક જોગવાઈ કલમ–૨૫ (જી)માં દર્શાવેલ છે, જે નીચે મુજબ છે.

**<u>કલમ–૨૫ (એફ) :–કામદારોની છટણીની પુર્વશરતો.</u>**

કોઈ માલિક હેઠળ ઓછામાં ઓછી એક વર્ષની અખંડ નોકરી કરી હોય તેવા કોઈ ઉદ્યોગમાં કામે રાખેલા કામદારની છટણી :–

(એ)તે કામદારને છટણીના કારણો દર્શાવતી એક મહિનાની લેખિત નોટિસ આપવામાં આવી ન હોય અને નોટિસની મુદ્દત પુરી ન થઈ હોય અથવા તે કામદારને એવી નોટિસને બદલ ે નોટિસની મુદ્દત સુધીનું વેતન આપવામાં ન આવે ત્યાં સુધી,

પરંતુ :–,

(બી) તે કામદારની છટણી વખતે અખંડ નોકરીના દરેક પુરા વર્ષ માટે અથવા છ મહિનાથી વધુ હોય તેવાં તેના ભાગ માટે ૧૫ દિવસના સરેરાશ પગાર જેટલું વળતર આપવામાં ન આવે ત્યાં સુધી ;અને

(સી) સમુચિત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, નિર્દિષ્ટ કરે તેવાં સત્તાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટિસ બજાવવામાં ન આવે ત્યાં સુધી, કરી શકાશે નહીં.

**<u>કલમ–૨૫ (જી):– છટણી માટેની કાર્યરીતિ.</u>**

કોઈ ઔદ્યોગિક સંસ્થામાં, ભારતનો નાગરિક હોય એવા કોઈ કામદારની છટણી કરવાની હોય અને સદરહુ સંસ્થામાં તે અમુક વર્ગનો કામદાર હોય, ત્યારે માલિક અને કામદાર વચ્ચે આ માટે કોઈ કબુલાત ન હોય તો સામાન્ય રીતે માલિકે સદરહુ વર્ગમાં છેલ્લ કામે રાખયો હોય તે કામદારની છટણી કરવી જોઈશે, સિવાય કે માલિકે કારણોની લેખિત નોંધ કરીને કોઈ બીજા કામદારની છટણી કરી હોય.

(૧૫.૫) ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર બીજા પક્ષકાર કામદાર ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ–૨૫(બી) સળંગ નોકરીમાં હતા. જેથી તેઓની છટણી કરતા પહેલા કલમ–૨૫(એફ) મુજબ એક મહિનાની લેખિત નોટિસ અથવા વેતન તથા છટણી વળતર આપવાની તથા યોગ્ય સત્તાધિકારી ઉપર નોટીસ બજાવવાની જોગવાઈ કરવામાં આવેલ છે. વધુમાં કલમ–૨૫(જી) મુજબ જે તે વર્ગમાં છેલ્લે કામે રાખયો હોય તે કામદારની છટણી કરવાની જોગવાઈ છે. આ કામનાં બીજા પક્ષકાર તેમનાં પુરાવા સોગદનામામાં જણાવે છે કે, બીજા પક્ષકાર કાયમી કામદાર હતા તેમ છતાં તેઓને વીકટીમાઈઝ કરી એલ.પી.જી. એડપ્ટર વિભાગ બંધ કરી અને એલ.પી.જી. એડપ્ટર વિભાગની કાયમી જગ્યાઓ નાબુદ કરી અમોને તા.૨૮/૦૬/૨૦૦૦નાં રોજ ગેરકાયદેસર રીતે ટર્મીનેટ કરેલ છે, અમોને નોકરીમાંથી છુટા કરતી વખતે નોટીસ પગાર, છટણી વળતર ટર્મીનેશન હુકમની સાથે ચુકવવામાં આવેલ નથી. બીજા પક્ષકાર તેમની ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, નિશાની ૧૪/૨૬માં સરનામું સાચુ અને ખરૂ છે, આ સરનામે લખેલા તમામ પત્રો મને મળે, નિશાની ૧૪/૨૬ વાળી તા.૨૮/૦૬/૨૦૦૦નાં રોજ મને નોટીસ, ચેક અને હિસાબનું સ્ટેટમેન્ટ આપવામાં આવેલું જે મેં સ્વીકારેલ નહી. નિશાની ૧૪/૨૬ એ બીજા પક્ષકાર કામદારનાં સરનામે લખેલો છટણીનો હુકમ અસલ છે અને તેની સાથે પરિશિષ્ટ, અને

રૂ.૭,૨૭૮/–નો બેંક ઓફ બરોડાનો બીજા પક્ષકાર કામદારનાં નામનો ચેક છે, કાયદેસરનાં હકકોની રકમની ગણતરીનુ પરિશિષ્ટ છે.

◉ <u>છટણીની કાર્યરીતિ કલમ–૨૫(એફ)નાં કલોઝઃ–</u>

≫ (એ) ➔ મુજબ બીજા પક્ષકાર કામદારને નિશાની ૧૪/૨૬ વાળી નોટીસ આપવામાં આવેલી છે

≫ (બી) ➔ મુજબ બીજા પક્ષકાર કામદારને નિશાની ૧૪/૨૬ વાળી નોટીસની સાથે છટણી હુકમ તથા ગણતરીનાં પરિશિષ્ટ મુજબ નોટીસ પગાર(૩૦ દિવસ), બાકી પગાર, છટણી વળતર, બોનસ અને બાકી પગાર ચુકવવામાં આવેલ છે.

≫ (બી) ➔ મુજબ પ્રથમ પક્ષકાર કંપનીએ આ કામે રજુ કરેલ નિશાની ૧૪/૨૬ અને ૧૪/૨૭ના દસ્તાવેજો સાથે ફોર્મ–૨૪, નિયમ–૮૯ મુજબની નોટીસ સેક્રેટરીશ્રી લેબર એન્ડ એમ્પ્લોયમેન્ટ ડીપાર્ટમેન્ટ, સચીવાલય, ગાંધીનગર સમુચિત સરકારને તા.૨૯/૦૬/૨૦૦૦નાં રોજ મોકલી આપવામાં આવેલી છે અને નોટીસ મુજબ આંક–૧૭ થી રજુ થયેલ છે અને નિશાની ૨૭(અ) થી નોટીસ કર્યા સબંધે મની રસીદ અને મળી જવા સંબધે એકનોલોજમેન્ટ રજુ કરવામાં આવેલ છે.

આમ, પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારની છટણી કરેલ છે તેનો સ્વીકાર બીજા પક્ષકારે કરેલ છે અને ઉપરોકત છટણીની કાર્યરીતિ લક્ષમાં લેતા કલમ–૨૫(એફ)નાં એ, બી અને સી કલોઝ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે તેમ જણાઈ આવે છે.

(૧૫.૬) આ કામે બીજા પક્ષકાર દ્વારા રેફરન્સ કેસ નં. ૬૩/૨૦૦૧માં આંક–૧૪ થી કુલ ૨૨ દસ્તાવેજો રજુ કરેલા છે. જેમાં આંક–૨૭ થી આંક–૪૩ તથા નિશાની ૧૪/૬ થી ૧૪/૮ તથા ૧૪/૧૩ અને ૧૪/૧૪નાં દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે. આ દસ્તાવેજો લક્ષમાં લેતા બીજા પક્ષકાર કામદાર અને અન્ય સાથી કામદારો દ્વારા પ્રથમ પક્ષકાર કંપની દ્વારા તા.૨૮/૦૬/૨૦૦૦નાં રોજ કરવામાં આવેલ છટણી હુકમને પડકારવામાં આવેલ હોય તેવા કોઈ દસ્તાવેજ રજુ થયેલા નથી કે કોઈ સક્ષમ અદાલતનો હુકમ રજુ કરવામાં આવેલો નથી જે દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે તે યુનિયનમાં જોડાયા તે અંગે કંપની અને યુનીનય વચ્ચે થયેલા પત્ર વ્યવહાર છે. આ કામે બીજા પક્ષકારે તેમનાં માંગણા નિવેદનમાં અને સરતપાસનાં સોગંદનામામાં એવી સ્પષ્ટ તકરાર લીધેલી છે કે, બીજા પક્ષકાર કામદાર અને સાથી કામદારો ગુજરાત રાજય કામદાર સભાનાં સક્રિય સભ્ય થયેલા જે હકીકત મેનેજમેન્ટને ગમેલી નહી જેથી પ્રથમ પક્ષકારે કામદારોને હેરાન પરેશાન કરવાની પ્રવૃતિ ચાલું કરેલી, કામદાર ફરજ ઉપર

હાજર થતા હોવા છતા ફરજ ઉપર લેવામાં આવેલા નથી અને ગેરકાયદેસર છટણી કરવામાં આવેલી છે. જયારે દસ્તાવેજોનો અભ્યાસ કરતા આ કામે પ્રથમ પક્ષકાર દ્વારા તા.૨૮/૦૬/૨૦૦૦નાં રોજ LPG (Adopter) વિભાગમાં કામ કરતા કામદારોની છટણી કરવાનો નિર્ણય કરેલો અને તેની કાયદાકીય કાર્યવાહી અનુસરીને છટણી કરેલ તેમ પ્રથમ પક્ષકાર જણાવે છે. બીજા પક્ષકાર તેમની ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે તા.૨૮/૦૬/૨૦૦૦ની નોટીસથી મારી કાયદેસર રીતે છટણી કરેલી.

(૧૫.૭) આ કામે પ્રથમ પક્ષકાર દ્વારા કલમ–૨૫(એફ)નું પાલન થયેલ છે કે નહીં તે વંચાણે લેતા, આ કામે બીજા પક્ષકાર અંખડ નોકરી હતી અને એક વર્ષ કરતા વધુ સમયની હતી જે નિર્વીવાદ હકીકત છે, આ કામે નિશાની ૧૬/૧ની નોટીસ ધ્યાને લેતા LPG (Adopter) વિભાગનાં ૧૭ જેટલા કામદારોને તા.૨૮/૦૬/૨૦૦૦નાં રોજથી એક માસની નોટીસને બદલે એક માસનો પગાર, નોકરીનાં પ્રમાણમાં છટણી વળતર સહીતની તમામ કાયદેસરનાં હકકો આપી છુટ્ટા કરવામાં આવે છે. નિશાની ૧૪/૨ થી નિશાની ૧૪/૦૨ સુધીનાં રજુ થયેલા દસ્તાવેજો વંચાણે લેતા પ્રથમ પક્ષકાર કંપનીમાં કામ કરતા કામદારોનું નિયમ–૮૧ મુજબનું સીનીયોરીટી લીસ્ટ રજુ કરેલ છે, નિશાની ૧૪/૭ થી ૧૪/૨૬ સુધીનાં દસ્તાવેજો પ્રથમ પક્ષકાર કંપનીએ બીજા કામદારોને નામ જોગ છટણી કરવા બાબતેનો હુકમ મોકલાવેલ છે જેમાં બીજા પક્ષકારનો સમાવેશ થાય છે, નિશાની ૨૭ થી પ્રથમ પક્ષકાર કંપની તરફથી કામદારોની છટણી કરવા બાબતે સેક્રેટરીશ્રી, લેબર એન્ડ એમ્પ્લોયમેન્ટ ડીપાર્ટમેન્ટ, સચિવાલય, ગાંધીનગર, શ્રમ આયુકતશ્રી, અમદાવાદને મોકલાવેલ ફોર્મ–૨૪, રૂલ–૮૦ મુજબ મોકલાવલ નોટીસ રજુ કરેલ છે અને ૨૭–એ થી રજી.એ.ડી. પોષ્ટ કર્યા અંગેની પોષ્ટખાતાની મની રસીદ અને મળ્યા અંગેની એકનોલોજમેન્ટ રજુ કરેલ છે. નિશાની ૧૪/૨૬ થી આ કામનાં બીજા પક્ષકારને આપવામાં આવેલ છટણીનાં હુકમની તા.૨૮/૦૬/૨૦૦૦નાં રોજની નકલ રજુ કરેલ છે, છટણી નોટીસ અને સાથે છટણીની રકમનો રૂ.૭,૨૭૮/–નો બેંક ઓફ બરોડાનો બીજા પક્ષકાર કામદારનાં નામનો ચેક રજુ કરેલ છે તથા સાથેનાં પરિશિષ્ટમાં હિસાબની ગણતરી દર્શાવેલ છે. આમ, ઉપરોકત દસ્તાવેજી પુરાવા લક્ષમાં લેતા આ કામનાં પ્રથમ પક્ષકાર દ્વારા કલમ–૨૫(એફ), તથા કલમ–૨૫(જી)ની જોગવાઈઓનુ પાલન કરવામાં આવેલ છે તેવું જણાઈ આવે છે.

(૧૫.૮) આ કામે બીજા પક્ષકાર તરફે તેમની દલીલનાં સમર્થનમાં ***1. 2003 Law Suit (Gujarat) Page No. 178, Chief Officer Keshod Municipality Vs. Chandrkant Harilal Rakholiya*** નો ચુકાદો

રજુ કરવામાં આવેલો છે. સદર ચુકાદામાં પ્રથમ પક્ષકાર તરફથી મ્યુનીસીપાલીટી છે અને તેમાં કોઈ ખુલાસા વગરનો કામદારની નોકરીનો અંત લાવવામાં આવેલ છે જેથી નામ. હાઈકોર્ટ દ્વારા કામદારની માંગ્યા મુજબની દાદ આપવામાં આવેલી છે પંરતુ હાલનાં કેસમાં સામાવાળા તરફે કંપની છે અને કામદારને નોકરીમાંથી છુટ્ટા કરતા પહેલા, કામદારોની છટણી એવા કારણોસર કરવામાં આવેલી છે કે પ્રથમ પક્ષકાર સંસ્થામાં આર્થિક પરિસ્થિતી સારી ન હોવાથી પ્રથમ પક્ષકાર સંસ્થાનાં એલ.પી.જી. એડપ્ટર ખાતામાં કોઈ કામગીરી ન હતી અને એલ.પી.જી. એડપ્ટર વિભાગ માટે કોઈ કામગીરી ન રહેતા ૧૭ કામદારોની છટણી કરવાનો નિર્ણય લેવો પડેલો, આમ, હાલના કેસમાં કામદારોને દુર કરવા માટે પુરતુ અને વ્યાજબી કારણ, ખુલાસો કરવામાં આવેલ છે આમ, કામદારનાં વિ.યુનિયન પ્રતિનીધીશ્રી દ્વારા રજુ કરવામાં આવેલા હાલનાં ચુકાદાની હકીકતો અને હાલનાં કેસની હકીકતો અલગ હોય આ ચુકાદો કામદારને મદદરૂપ થતો નથી. આ કામે બીજા પક્ષકારનાં વિ.યુનિયન પ્રતિનીધીશ્રી દ્વારા ***2. 2015, Law Suit (SC) 357, Gauri Shanker Vs. State of Rajasthan, (Supreme Court of India).*** ઉપરોકત જજમેન્ટમાં કામદારની સળંગ નોકરી બાબતનાં સિધ્ધાંતો તારવવામાં આવેલા છે,પંરતુ હાલનાં કેસમાં કામદાર સળંગ નોકરીમાં હોવા બાબતની કોઈ તકરાર જ ઉપસ્થિત કરવામાં આવેલી નથી જેથી હાલનાં કેસમાં કામદારને સળંગ નોકરીમાંજ ગણેલા હોય આ ચુકાદો અસ્થાને છે. ***3. Hussainbhai, Calicut Vs. Alath Factory Thozhilali Union, Kozhikode and Ors.*** ઉપરોકત ચુકાદામાં કોન્ટ્રાકટનાં કામદારને કામદારની વ્યાખ્યામાં ગણવા કે કેમ તે પ્રશ્ન છે જયારે હાલનાં કેસમાં કામદારો કોન્ટ્રાકટનાં કામદારો હોવા બાબતની કોઈ પ્લી જ ન હોય તે ચુકાદો હાલનાં કેસને લાગુ પડતો નથી. આમ, ઉપરોકત ચુકાદાની હકીકત અને હાલની હકીકત ભીન્ન હોય આ કામે સદર ચુકાદો લાગુ પડી શકે નહી.

(૧૫.૯) આ કામે પ્રથમ પક્ષકાર તરફે નીચે મુજબનાં ચુકાદાઓ રજુ કરવામાં આવેલા છે. ***1. 2007 (2) Labour Law Page No. 298, In the High Court of Judicature, Andhra Pradesh, Management of Divisional Engineer, Telecommunications, Mahaboobnaga District Vs. Venkataiah and another.***

Industrial Tribunal or Labour Court to confine its adjudication to points of dispute specified for adjudication and matters inclidental thereto- Not to exceed scope of order of reference- Order of reference was as to whether action of management in retrenching workman with effect from 1 April 1986 was justified or not- Tribunal could not have gone beyond the scope of reference and examined his earlier retrenchment with effect from 30 November 1984/

2. **2003-04 S.C.L.J. Page No.762, (S.C.), Pramod Jha and Ors. Vs. State of Bihar and Ors.**

Industrial Disputes Act, 1947- Section 25-F (a) and (b), (c)- Compliance of –With clauses (a) and (b)- Strictly as per the requirement is mandatory- Compliance of clause (c) is directory.
Compliance with clauses (a) and (b) of section 25-F strictly as per requirement of the provision is mandatory. However, compliance with Clause (c) is directory, as held in Gurmail Singh and others v. State of Punjab and others, and a substantial compliance would be enough.

3. **2009 LLR Page No. 900, Allahabad High Court, Assistant Project Engineer, Ganga Pollution Control Unit U.P. Jal Nigam, Mirzapur Vs. Presiding Officer, Labour Court, Varansal and Another.**

For retrenchment of a workman it is stipulated that the employer must offer retrenchment compensation and supported by positive evidence.
Once the workman who was offered retrenchment compensation receives the same, the compliance of legal provisions will be complied hence the Award of Labour Court granting reinstatement with back wages is not sustainable when there was compliance of the relevant provision by the employer.

4. **2009 LLR 841, Gujarat High Court,(D.B.),Chanabhai Muljibhai and Others Vs. Gujarat Housing Board.**

Sections 25F, 25G and 25H- Appellant-workman were retrenched and paid notice pay and retrenchment compensation- Court held that they were given notice pay and retrenchment compensation- No juniors were appointed in service- There is no violation of sections 25G and 25H- Hence, Award of reinstatement set aside by learned Single Judge needs no interference by Division Bench.

5. **2007 (1) LLJ Page No.1006, In the Supreme Court of India, Guru Jambheshwar University, Hisar Vs. Dharam Pal.**

In the demand notice served by the respondent upon the University under section 2-A of the Act on January 20,1998, it was stated "that the University was paying him Rs.1638/-per month before removal." Again in para 2 of the claim statement which was filed by the respondent before the Labour Court, wherein he described himself as petitioner, it was stated "that the University was paying the petitioner Rs.1,638/-per month before the removal." In the reply, it is also the specific case of the University that the respondent was being paid on monthly basis at the rate of Rs. 1642/- per month. Therefore, there is no dispute that the respondent was being paid wages on monthly basis though there is slight difference in the actual amount which was being paid to him. The Labour Court has recorded a finding that a cheque for Rs.1642/- was given by the University to the respondent as retrenchment compensation. Since the respondent was being paid wages on monthly basis, his average pay has to be calculated in accordance with the formula given in clause(i) of Section 2(aaa) of the Act which would mean the sum total of wages paid to him in three complete calendar months immediately preceding his retrenchment and dividing the said amount by three. The respondent was being paid wages amounting to Rs.1642/- per month in immediately

three preceding months before his retrenchment. Therefore, the “average pay” in accordance with Section 2(aaa) (i) would come to Rs.1642/-. The respondent had worked for two years and one month and, therefore, he was entitled to thirty(15 x 2) days of average pay by way of retrenchment of Section 25-F(b) of the Act. The “average pay” of the respondent being Rs.1642/- per month and he being entitled to 30 days' average pay by way of retrenchment compensation, he was required to be paid Rs.1642/- as retrenchment compensation. The university gave him a cheque for Rs.1642/- at the time of his retrenchment and, therefore, there ws full compliance of Section 25-F(b) of the Act.

6. **2002 (93) FLR 898, Madras High Court, A Selvam and Ors. Vs. Management, C. Abdul Rahman & Co. and another.**

The 1st respondent management has also sent the amount towards bonus, service compensation, gratuity, casual leave, etc. Therefore, in my considered view the said notice would be considered as sufficient compliance of the provisions of Section 25-F of the Act

The Labour Court on facts have held that there was no job for the 1st respondent management to offer work to all the 150 employees who were in its roll. For want of work orders, the 1st respondent management also retrenched the 80 workmen and except 7 or 8 workmen, all others have collected their amounts due and left the job. The Labour Court also found that on facts the 1st respondent management did not have sufficient work order even to provide the work to the remaining workmen. In view of the said factual position the Labour Court found that the retrenchment was bona fide.

7. **2007 (2) LLN 442, Madhya Pradesh High Court, (D.B.), Chedilal Dahiya Vs. Manager, Christukula Mission Higher Secondary School, Satna & Anr.**

INDUSTRIAL DISPUTES ACT,1947 (14 of 1947), Section 25-F TERMINATION –Whether wages and retrenchment compensation has to be paid before date of termination of Employee ? If not paid whether such retrenchment becomes illegal in terms of section 25F- ? Held, expression 'Workmen has been paid in lieu of such notice, wages for period of notice' in sub-clause (a) and 'Workmen has been paid at time of retrenchment compensation' in sub-clause (b) do not mean that wages for one month or retrenchment compensation should have actually been paid on date of termination- In many cases, Employer can only tender amount before termination but they cannot force Employees to receive payment before dismissal becomes effective- In present case, admittedly retrenchment compensation was sent to Petitioner by Registered post before order of dismissal became effective, which petitioner received on 02.04.2008 – Respondent has done everything to pay retrenchment compensation before order of termination became effective – Thus, Respondent has not failed to comply with Section 25-F.

8. **2004 LLR 471, Gujarat High Court, Kaushik J. Gandhi Vs. Sandesh Ltd. & Anr.**

An Industrial adjudication can not travel beyond the terms of reference as made for adjudication by the Government and as such the Labour Court has rightly restricted its award in disposing of and rejecting the dispute pertaining to oral termination dated 11th June, 1981 whereas the workman has alleged before the Labour Court that his services were terminated after inquiry on 6-10-1981 which was not term of reference for adjudication and as such the findings of the Labour Court whereby the adjudication was rightly restricted to the terms of reference only.

The view taken by the Labour Court has been technical but legal also and as such no error has been committed for interference by the High Court in writ jurisdiction.

9. **S.C.L.J. (1950-83) Vol. 3, 440 (S.C.), Delhi Cloth and General Mills Ltd. Vs. Shambhu Nath Mukherjee and Ors.**

Industrial Disputes Act, 1947, Ss 2(oo), 25-F (a)- Retrenchment- Meaning of- Striking off name of workman from rolls amounts to retrenchment- Non-compliance with mandatory provisions of section-25-F (a) and (b)- Order of retrenchment is invalid- Question before Labour Court being one of reinstatement- Labour Court could go into whole question.

The issue before the Labour Court was one of reinstatement jof the workman and the Labour Court was entitled to go into the whole question which it did. We do not find any infirmity in the award.

Striking off the name of the workman from the rolls by the management is termination of his service. Such termination of services is retrenchment within the meaning of Section 2(oo) of the Act. There is nothing to show that the provisions of section 25F (a) and (b) were complied with by the management in this case. The provision of section 25F (a), the proviso apart and (b) are mandatory and any order of retrenchment, in violation of these two pre-emptory conditions precedent, is invalid.

(૧૫.૧૦) ઉપરોકત રજુ કરવામાં આવેલા ચુકાદાઓમાં ઐદ્યોગિક વિવાદ અધિનીયમ, ૧૯૪૭ની કલમ–૨(એએએ), કલમ–૨૫(એફ), કલમ–૨૫(જી) અને કલમ–(એચ) ઉપરનાં છે અને ઉપરોકત ચુકાદાઓમાં મુખ્ય સાર એ છે કે કામદારને છટણીની નોટીસ, નોટીસ પગાર, નોકરીનાં પ્રમાણમાં છટણી વળતર, બાકી નિકળતી હકક રજાનો પગાર, બાકી પગાર અને અન્ય આનુષાંગીક લાભો આપ્યા વગર છટણી કરી શકાય નહીં અને જો ઉપરોકત કલમ અનુસર્યા વગર છટણી કરવામાં આવેલી હોય તો

તે ગેરકાયદેસર છે. આ કામે બીજા પક્ષકારની સાથે કામ કરતા અન્ય કામદારો જે LPG (Adopter) વિભાગમાં કામ કરતા હતા તેઓને નોટીસ પગાર, નોકરીનાં પ્રમાણમાં છટણી વળતર, બાકી નિકળતી હકક રજાનો પગાર, બાકી પગાર અને બોનસની ચુકવણી કરવામાં આવેલી છે જે બીજા પક્ષકાર કામદારે કવર ન સ્વીકારતા પોષ્ટમેનનાં શેરા સાથે પરત આવેલ છે જેથી આ કામે રજુ કરવામાં આવેલા ચુકાદા પ્રથમ પક્ષકાર કંપનીને મદદરૂપ થાય છે અને તેમનાં સિધ્ધાંતો આ કામે લાગુ પડતા હોય જેથી આ કામે લાગુ પડે છે તેમ માનવામાં આવે છે.

(૧૫.૧૧) આ કામનાં બીજા પક્ષકાર કામદારને મોકલવામાં આવેલ નિશાની ૧૪/૨૬ અને સાથેનાં પરિશિષ્ટમાં નોકરીમાં દાખલ થયા તારીખ, છટણીની તારીખ, દૈનિક પગાર અને નોટીસ પગાર(૩૦ દિવસ) તરીકે રૂ.૨૨૨૬/–, બાકી પગાર રૂ.૧,૪૮૪/–, છટણી વળતર(૨×૧૫×૭૪.૨૦) રૂ.૨,૨૨૬/–, બોનસ રૂ.૧,૩૪૨/–, બાકી હકક રજા પગાર રૂ.૪૪૫/– કુલ ચુકવવા પાત્ર રકમ રૂ.૭,૭૨૩/–માંથી પ્રોવીડન્ડ ફંડની કપાત રૂ.૪૪૫ બાદ કરતા ચોખ્ખી ચુકવવાપાત્ર રકમ રૂ.૭,૨૭૮/–પુરાનો બીજા પક્ષકાર કામદારનાં નામનો બેંક ઓફ બરોડાનો ચેક રજુ કરવામાં આવેલ છે જે આ કામનાં બીજા પક્ષકારને પોષ્ટ દ્વારા મોકલવામાં આવેલ જે કવર બીજા પક્ષકારે ન સ્વીકારતા પરત આવેલ છે. આંક–૧૪નાં લીસ્ટમાં નિશાની ૧૪/૨૬માં છટણી હુકમની સાથે, પરશિષ્ટ, બીજા પક્ષકારનાં નામનો છટણીનો હુકમ નીકળેલ છે અને બીજા પક્ષકારનાં કાયદેસરનાં હકકોની રકમની ગણતરીનો પત્ર તથ ચેક અને રીસીપ્ટ છે.

(૧૫.૧૨) આ કામનાં બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર દ્વારા આપવામાં આવેલી છટણી અંગેનાં કાયદેસરનાં હકકોની રકમની ગણતરી યોગ્ય છે કે કેમ તે લક્ષમાં લેવું જરૂરી બને છે. આ કામનાં બીજા પક્ષકાર તેમનાં આંક–૦૪નાં માંગણા નિવેદન અને આંક–૧૩ની જુબાનીમાં તેમનો પગાર રૂ.૭૨ જણાવે છે તથા પ્રથમ પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલા આંક–૦૮નાં જવાબમાં બીજા પક્ષકારનો દૈનિક પગાર રૂ.૭૪.૨૦ જણાવેલ છે અને આ કામે છટણી વળતરની ગણતરી કરતી વખતે પણ પ્રથમ પક્ષકારે તેમનાં જવાબમાં જણાવ્યા મુજબ રૂ.૭૪.૨૦ પ્રમાણે ગણતરી કરવામાં આવેલી છે.

(૧૫.૧૩) આ કામે પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૪ થી રજુ થયેલા દસ્તાવેજી પુરાવા લીસ્ટમાં છટણીનાં અનુસંધાને અને તે અંગેનાં હકકોની ગણતરી કરવામાં આવેલ છે તે છટણી વળતર તરીકે એક માસની નોટીસને બદલે એક માસનો નોટીસ પગાર, નોકરીનાં પ્રમાણમાં છટણી વળતર હકક, રજાનો

પગાર વગેરે બીજા પક્ષકારનાં પગાર મુજબ કાયદેસરની જણાઈ આવે છે, બીજા પક્ષકાર માંગણા નિવેદન અને સરતપાસનાં સોંગદનામામાં જણાવેલ દૈનીક પગાર રૂ.૭૨નાં બદલે રૂ.૭૪.૨૦ પ્રમાણે ગણતરી કરવામાં આવેલ હોય તેવું સ્પષ્પટપણે જણાઈ આવે છે જેથી દૈનીક પગારની ગણતરીમાં પ્રથમ પક્ષકારે તેમનાં જવાબમાં જણાવેલ રકમ પ્રમાણે ગણતરી કરેલ છે જે બીજા પક્ષકારનાં જણાવ્યા કરતા પણ વધુ છે.

(૧૫.૧૪) આ કામે પ્રથમ પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલા નામ. સુપ્રિમ કોર્ટનાં ચુકાદો 2003-04 S.C.L.J. Page No.762, (S.C.), Pramod Jha and Ors. Vs. State of Bihar and Ors. નો નામ. સુપ્રિમ કોર્ટનો ચુકાદો રજુ કરવામાં આવેલ છે જે બાબતે આ કામે બીજા પક્ષકાર તરફે નામ. સુપ્રિમ કોર્ટનાં 2016 II LLJ Page No. 257, In The Supreme Court of India, Raj Kumar Vs. Director of Education and Others નો ચુકાદો રજુ કરેલ છે અને જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર દ્વારા રજુ કરવામાં આવેલા ચુકાદામાં દલીલ કરવામાં આવેલ છે કે, Industrial Disputes Act, 1947- Section 25-F (a) and (b), (c)- Compliance of –With clauses (a) and (b)- Strictly as per the requirement is mandatory- Compliance of clause (c) is directory. જયારે આ કામનાં બીજા પક્ષકાર દ્વારા રજુ કરવામાં આવેલા ચુકાદા 2016 II LLJ Page No. 257, In The Supreme Court of India, Raj Kumar Vs. Director of Education and Others માં કેસોમાં clause (c) is mandatory છે તેવું પ્રસ્થાપિત કરવામાં આવેલ છે, પંરતુ ઉપરોકત કરવામાં આવેલી ચર્ચાનાં અનુસંધાને પ્રથમ પક્ષકાર કંપનીએ કલમ–૨૫(એફ)નાં ત્રણેય કલોઝનું પાલન કરેલ હોય તેમ જણાઈ આવે છે જેથી પ્રથમ પક્ષકાર કંપની દ્વારા છટણીની જે કાર્યવાહી કરવામાં આવેલી છે તે કાયદેસર છે તેમ જણાઈ આવે છે.

(૧૫.૧૫) ઉપરોકત કરવામાં આવેલી ચર્ચાને લક્ષમાં લેતા બીજા પક્ષકાર તરફે કરવામાં આવેલી દલીલ સાથે સમંત થઈ શકાય તેમ નથી, બીજા પક્ષકારને નોટીસ પગાર છટણી વળતર સાથે આપવામાં આવેલા અન્ય હકકો ઉપર ચર્ચા કર્યા મુજબ કાયદેસર રીતે ચુકવેલ છે, આ કામે પ્રથમ પક્ષકાર કંપની તરફે રજુ કરવામાં આવેલા નિશાની ૦૭ થી ૨૬ સુધીનાં એલ.પી.જી. એડપ્ટર વિભાગનાં છટણી કરવાનાં તમામ કામદારોને તેમનાં નામ જોગ મોકલેલી નોટીસમાં પ્રથમ પક્ષકાર કંપની જણાવે છે કે, છેલ્લા આઠ નવ માસથી બજારમાં સખ્ત મંદીને કારણે સંસ્થા ભયંકર વિષમ આર્થિક સંકળામણ અનુભવી રહી છે સંસ્થાનાં એલ.પી.જી. એડપ્ટરનાં ઉત્પાદન માટે સંસ્થા પાસે હાલમાં કોઈ ઓર્ડરો નથી જે કાંઈ ઓર્ડરનું ઉત્પાદન થાય છે તે માટે ઉત્પાદન ખર્ચ, વેચાણ કિંમતથી પણ વધુ આવે છે જે

છેલ્લા ત્રણ માસથી વધતુ જ જાય છે આ પરિસ્થિતીમાંથી માર્ગ કાઢવા અને આર્થિક સંઝોગોમાં સુધારો લાવવા સંસ્થાએ તમામ પ્રયાસો કરવા છંતા સફળતા મળી નથી જેથી સંસ્થાનાં મેનેજમેન્ટે સુધી LPG (Adopter) પરિસ્થિતીમાં સુધારો ન થાય ત્યાં સુધી બંધ રાખવાનો દુઃખદ નિર્ણય કરેલ છે. તેમ જણાવેલ છે તેમજ નિશાની ૨૭ ફોર્મ નં. ૨૪ સાથેનાં પત્રમાં સાથેનાં એનેક્ષરમાં પણ કંપનીની આર્થિક સ્થિતી અંગે જણાવવામાં આવેલ છે, બાદમાં છટણી કરવામાં આવેલ છે, નિશાની ૨૭ લક્ષમાં લેતા તથા સાથેનાં દસ્તાવેજો દ્વારા સરકારી મજુર અધિકારીને જાણ કરવામાં આવેલી છે, જયારે LPG (Adopter) ખાતામાંથી કોઈ અમુક જ કામદારોની છટણી કરવાની હોય તેવું બનેલ નથી પંરતુ LPG (Adopter) ખાતાનાં તમામ ૧૭ કામદારોની છટણી કરવામાં આવેલી છે ત્યારે સીનીયોરીટી લીસ્ટ જરૂરી નથી તેવું મારૂ માનવું છે જેથી બીજા પક્ષકારની ઉપરોકત દલીલ સાથે સંમત થઈ શકાય તેમ નથી.

(૧૫.૧૬) આ કામે બીજા પક્ષકાર તેમની દલીલમાં જણાવે છે કે, બીજા પક્ષકાર કામદારની ગેરકાયદેસ છટણી કરવામાં આવેલી છે, સંસ્થાની આર્થિક પરિસ્થિતી અંગે કોઈ દસ્તાવેજો રજુ કરવામાં આવેલ નથી, આ કામે બીજા પક્ષકાર કામદારની છટણીની પ્રોસીજર કયા આશયથી કરવામાં આવેલ છે તે પણ જોવું જોઈએ, પ્રથમ પક્ષકાર સંસ્થાએ યુનિયનનાં કારણે પુર્વાગ્રહ રાખીને આ પગલું ભરેલ છે, આ કામદારોને છટણીની કાર્યવાહીનો દુરપયોગ કરી છુટકારો મેળવવા આ પગલું ભરવામાં આવેલ છે, ફોર્મ નં.૨૪માં કોઈ કામદારનું નામ નથી, મજુર અધિકારીને મોકલવામાં આવેલ નથી, સક્ષમ ઓથોરીટીને મોકલેલ નથી, પ્રોપર ઓથોરીટીને જાણ કરેલી નથી તેથી કલમ–૨૫(સી) મેન્ડેટરી છે તે ફોલો થયેલ નથી, છટણી ગેરકાયદેસર છે તેમ દલીલ કરેલ છે પંરતુ ઉપરોકત કરવામાં આવેલી ચર્ચાનાં અનુસંધાને જયારે કોઈ એક વિભાગમાંથી અમુક કામદારોની છટણી કરવામાં આવેલ હોય તેવું આ કામે બનેલ નથી અહીંયા આખો વિભાગની છટણી કરવામાં આવેલ છે અને બીજા પક્ષકાર દ્વારા માત્ર ફોર્મ નં.૨૪માં કામદારોનાં નામ ન લખવાનાં કારણે છટણીની કાયવાહી ગેરકાયદેસર ઠરે છે તેવું સાબીત થતુ નથી, આમ, ઉપરોકત કરવામાં આવેલી ચર્ચાનાં અનુસંધાને બીજા પક્ષકારની દલીલ સાથે સમંત થઈ શકાય તેમ નથી.

(૧૫.૧૭) આ કામે ઉપરોકત કરવામાં આવેલી ચર્ચાનાં અનુસંધાને તથા પ્રથમ પક્ષકાર દ્વારા રજુ દસ્તાવેજી પુરાવાનાં આધારે આ કામે પ્રથમ પક્ષકાર દ્વારા આ કામનાં બીજા પક્ષકાર અને અન્ય સાથી કામદારો કે જેઓ LPG (Adopter) વિભાગમાં કામ કરતા હતા તેઓની તા.૨૮/૦૬/૨૦૦૦નાં રોજ

કરવામાં આવેલી છટણી ઔદ્યોગિક તકરાર અધિનીયમ, ૧૯૪૭ની કલમ–૨(ઓઓ), કલમ–૨૫(એફ) તથા કલમ–૨૫(જી) અનુસારની કાયદેસરની કાર્યવાહી પ્રક્રિયા અનુસરીને છટણી કરવામાં આવેલી છે જેના વિરૂધ્ધની કોઈ હકીકત આ કામનાં બીજા પક્ષકાર રેકર્ડ ઉપર લાવી શકેલા ન હોય, જેથી પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા કરવામાં આવેલી છટણી કાયદેસરની ઠરાવી મુદા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નં. ૨ :–**

(૧૬) આ મુદા અન્વયે શું બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં પડેલા દિવસોનાં પુરેપુરા પગાર સાથે નોકરીની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત થવા હકકદાર છે તે અન્વયે આ મુદા અંગે બીજા પક્ષકાર તેમનાં પુરાવા સોંગદનામામાં જણાવે છે કે પ્રથમ પક્ષકાર સંસ્થાએ છુટ્ટા કર્યા બાદ અમો જે કામ કરતા હતા તે કામ હાલ ચાલુ છે, પ્રથમ પક્ષકારે અમારી જગ્યાએ તાત્કાલીક નવા કામદારોની ભરતી કરી તેમનું કામકાજ ચાલુ કરી દીધેલ છે અને આજે પણ કંપનીમાં કામ ચાલુ રાખેલ છે, અમોએ અનેક વખત પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ મેળવવા પ્રયત્ન કરેલ પંરતુ પ્રથમ પક્ષકારે કામે રાખેલ નથી, બીજી જગ્યાએ પણ કામ મેળવવા પ્રયત્ન કરેલા પંરતુ કામ મળેલ નથી, પ્રથમ પક્ષકારે છુટ્ટા કર્યા ત્યારથી બેકાર છીએ, કંપની કામે રાખે તો જવા તૈયાર છીએ. બીજા પક્ષકાર તેમની ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે પ્રથમ પક્ષકાર કંપનીમાં ઓર્ડર નહીં હોવાથી તથા આર્થિક સંકળામણનાં કારણે LPG (Adopter) વિભાગમાં ૧૭ કામદારોની છટણી કરવામાં આવેલી જયારે પ્રથમ પક્ષકાર તરફે રજુ થયેલા સાહેદ તેમની ઉલટ તપાસમાં જણાવે છે કે, અમારી સંસ્થામાં એલ.પી.જી. એડપ્ટર ડીવીઝન ફરીથી ચાલુ કરવામાં આવેલું નથી, હાલમાં અમારી સંસ્થામાં એક જ વાલ્વ ડીવીઝન ચાલુ છે તેમ જણાવેલ છે. આમ, પ્રથમ પક્ષકાર સંસ્થાનું LPG (Adopter) ડીવીઝન કાયમી ધોરણે બંધ થઈ ગયેલ હોય, ઉપરોકત કરેલી ચર્ચાનાં અનુસંધાને આ કામનાં બીજા પક્ષકાર અને તેમનાં સાથી કામદારો જે LPG (Adopter) વિભાગમાં કામ કરતા હતા તેની કાયદેસરની કાર્યવાહી અનુસરીને છટણી કરવામાં આવેલી હોય, ઉપરોકત મુદા નં. ૧ નો જવાબ ઉપરોકત કરેલી ચર્ચાનાં આધારે હકારમાં જવાબ આપેલો હોય જેથી આ કામનાં બીજા પક્ષકાર કામદાર તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત થવા હકકદાર રહેતા નથી.

(૧૬.૧) આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા બીજા પક્ષકાર કામદાર અને LPG (Adopter) વિભાગમાં કામ કરતા કામદારોની તા.૨૮/૦૬/૨૦૦૦નાં રોજ કરવામાં આવેલી છટણી કાયદેસરની

ઠારવેલ હોય, આ કામનાં બીજા પક્ષકાર બેકાર રહેલા હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરવામાં આવેલો નથી. આ કામે બીજા પક્ષકારની ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તા.૨૯/૦૬/૨૦૦૦ પછી મારા કુંટુંબનું ભરણપોષણ હું કરૂ છુ, મારા કુંટુંબનો માસીક ખર્ચ આશરે દશ થી બાર હજારનો આવે છે, કુંટુંબનું ભરણપોષણ હું અન્ય જગ્યાએ નોકરી, મજુરી કરીને કરૂ છુ તેમ જણાવી જાય છે. બીજા પક્ષકારની છટણી બાદ તેઓ બેકાર રહેલા હોય તે માની શકાય તેમ નથી કેમ કે કોઈ પણ વ્યકિત જીવન–નિર્વાહ માટે કાંઈક કામ કરીને ગુજરાન ચલાવે,

(૧૬.૨) ઉપરોકત કરવામાં આવેલી ચર્ચા અનુસાર કામદાર બેક વેજીસ મેળવવા હકકદાર છે કે નહીં તે કામદારે સાબીત કરવું પડે, અહીંયા હાલનાં કેસમાં કામદાર એમ જણાવતા હોય કે તેઓ છુટૃા કર્યાનાં સમયગાળામાં કોઈ ગેઈનફુલ એમ્પ્લોયમેન્ટમાં નથી તેવું સાબીત કરવું પડે, જે આ કામે બીજા પક્ષકાર કામદાર દ્વારા એવો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલો નથી કે જેનાંથી કોર્ટ એમ માનવા પ્રેરાય કે કામદાર છુટૃા કર્યાનાં સમયગાળામાં બેકાર રહયા છે. આમ, પણ જયારે આ કામનાં બીજા પક્ષકાર કામદાર અને તેમની સાથે કામ કરતા LPG (Adopter) વિભાગનાં ૧૭ કામદારોની પ્રથમ પક્ષકાર દ્વારા છટણી કરવામાં આવેલી હોય અને મુદા નં.૧માં ચર્ચા કર્યા પ્રમાણે પ્રથમ પક્ષકાર દ્વારા કરવામાં આવેલી છટણી કાયદેસરની કાર્યવાહી મુજબની કરવામાં આવેલી હોય જેથી પણ આ કામનાં બીજા પક્ષકાર બેક વેજીસ મેળવવા હકકદાર જણાઈ આવતા નથી કેમ કે છટણી વખતે જ તેમને કાયદેસરનો છટણીનો હુકમ આપીને છુટૃા કરવામાં આવેલા છે તેમનાં હકક હિસ્સાની રકમ પણ ચેક અને ગણતરીનાં પત્રક સાથે સામેલ રાખી તેમનાં ઘરનાં સરનામે રજી.પો.એ.ડી. દ્વારા મોકલી આપવામાં આવેલી જે કામદાર દ્વારા રીફયુજનાં પોષ્ટ ખાતાનાં શેરા સાથે પરત આવેલ છે. આમ, ઉપરોકત કરેલી ચર્ચાનાં અનુસંધાને આ કામનાં બીજા પક્ષકાર બેક વેજીસ મેળવવા હકકદાર થતા નથી.

(૧૬.૩) આ કામે ઉપરોકત કરવામાં આવેલી ચર્ચાનાં આધારે આ કામે રજુ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનાં આધારે બીજા પક્ષકાર કામદારની કરવામાં આવેલી છટણી કાયદેસરની હોય, બીજા પક્ષકાર આ કામે બેક વેજીસ મેળવવા હકકદાર થતા ન હોય તેમજ જયારે આ કામનાં બીજા પક્ષકાર કામદારે છટણીનાં કાયદેસરનાં હકક હીસ્સાની રકમ સ્વીકારેલ ન હોય અને તે કવર પરત આવેલ હોય, પ્રથમ પક્ષકાર દ્વારા કરવામાં આવેલી છટણીનાં પરિણામે બીજા પક્ષકારને છટણી થવાથી જે મળવાપાત્ર, લાભ, હકક હીસ્સાની રકમ માટે બીજા પક્ષકાર હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

હાલનાં કેસમાં બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં છેલ્લા દોઢ વર્ષ થી દૈનીક રૂ.૭૨.૨૦/–નાં વેતનથી ફરજ બજાવતા હતા. બીજા પક્ષકાર કામદારનાં પગારનો દર, કામનો પ્રકાર, નોકરીનાં વર્ષ, કામદારની ઉંમર વગેરે પરિબળો ધ્યાને લેતા બીજા પક્ષકાર કામદારની છટણી કર્યા તા.૨૮/૦૬/૨૦૦૦ સુધીનાં ને છટણી અન્વયેનાં મળવાપાત્ર કાયદેસરનાં લાભો જેવા કે નોટીસ પગાર, છટણી વળતર, બાકી દિવસનો પગાર, બોનસ, હકક રજાનું વળતર તથા આ રકમ ઉપરાંત હાલનાં કેસની કાર્યવાહીમાં સમય ગયેલ હોય, ખર્ચ પેટે ઉચ્ચક રકમ રૂ.૧૫,૦૦૦/–(અંકે રૂપીયા પંદર હજાર પુરા) આ કામનાં પ્રથમ પક્ષકાર સંસ્થા ચુકવી આપે તેવો હુકમ કરવો ન્યાયી તથા વ્યાજબી જણાય આવે છે, જેથી મુદા નં. ૨નો જવાબ નકારમાં આપી મુદા નં.૩ પરત્વે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–: હુ ક મ :–**

૧: બીજા પક્ષકારનો રેફરન્સ અંશતઃ મંજુર કરવામાં આવે છે.

૨: આ કામના બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ સળંગ નોકરીથી પડેલા દિવસોનાં પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવામાં આવતા નથી. તેના બદલે આ કામનાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકાર કામદારને છટણીની તા.૨૮/૦૬/૨૦૦૦ સુધી સળંગ નોકરીમાં ગણી બીજા પક્ષકારને રૂ.૧૫,૦૦૦/–(અંકે રૂપીયા પંદર હજાર પુરા) ઉચ્ચક વળતર તરીકે બીજા પક્ષકાર કામદારને હુકમ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

૩: ખર્ચ અન્વયે અન્ય કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(ગુલાબ ટાભાભાઈ સોલંકી)
GJ01292
પ્રિસાઈડીંગ ઓફીસર
મજુર અદાલત, વલસાડ.

સ્થળ:વલસાડ.
તા.૦૧/૦૪/૨૦૨૨.